RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૧   મંગળવાર, તા.૧૩-૦૧-૨૦૨૬   અંક : ૬૩ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ભાવનગરના નવા બંદર અને વરતેજ પાસે બનશે લોજિસ્ટિક્સ પાર્ક

## રેલવે, સડક અને બંદર એમ વિવિધ પરિવહન માધ્યમોને એક જ સ્થળે સાંકળશે

### પરિવહન અને ઉદ્યોગો માટે નવા યુગનો પ્રારંભ થશે : ‘વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’માં ભાવનગરના ‘સીટી લોજિસ્ટિક્સ પ્લાન’નું ઐતિહાસિક લોન્ચિંગ

ભાવનગર,તા.૧૩

ભાવનગરના નવા બંદર અને વરતેજ પાસે લોજિસ્ટિક્સ પાર્ક બનાવવા આયોજન થયું છે જે અંતર્ગત ‘વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ માં ભાવનગરના ‘સીટી લોજિસ્ટિક્સ પ્લાન’નું ઐતિહાસિક લોન્ચિંગ કરાયું હતું. લોજિસ્ટિક્સ પાર્ક રેલવે, સડક અને બંદર એમ વિવિધ પરિવહન માધ્યમોને એક જ સ્થળે સાંકળશે આથી પરિવહન અને ઉદ્યોગો માટે નવા યુગનો પ્રારંભ થશે. ઉપરાંત નારી રોડ રીજનલ સાયન્સ સેન્ટર પાસે એક સંકલિત ’ટ્રાન્સપોર્ટ નગર’ તથા શહેરના પ્રવેશદ્વારો જેમ કે બુધેલ રોડ, તળાજા રોડ, કાળા તળાવ રોડ અને નવા બંદર રોડ પર અત્યાધુનિક ટ્રક ટર્મિનલ્સ બનાવવાનું આયોજન પણ આવરી લેવાયું છે.

રાજકોટ ખાતે આયોજિત ’વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ" (VGRC) ના સમારોહમાં ગુજરાત રાજયના મંત્રી જયરામભાઈ ગામીત, મંત્રી (રાજયકક્ષા) - સ્પોર્ટ્સ, યુથ સર્વીસ અને કલ્ચર, ઈન્ડસ્ટ્રીઝ - સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી, નાગરીક ઉડ્ડયન અને પ્રવાસન વિભાગ મંત્રાલયના વરદ હસ્તે તથા શ્રી સ્વરુપ પી. (આઈ.એ.એસ.) - ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર, ગુજરાત ઈન્ફાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ, રવી કિરન (આઈ.ડી.એ.એસ.) - ડેપ્યુટી સેક્રેટરી લોજીસ્ટીક્સ, ડિપાર્ટમેંટ ફોર પ્રોમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ, માનનીય મ્યુનિસિપલ કમિશનર ડૉ. એન. કે. મીના તથા અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થીતીમા કરવામા આવ્યુ. ભારત સરકારના ’પીએમ ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન’ અને ’નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી’ના દિશાનિર્દેશો હેઠળ તૈયાર થયેલો આ પ્લાન ભાવનગરને આગામી ૨૦ વર્ષ માટે એક મજબૂત ઔદ્યોગિક અને પરિવહન માળખું પૂરું પાડશે.


સુચિત પાર્કની એઆઈ ઈમેજ

સમગ્ર પ્રોજેક્ટને આધુનિક ટેકનોલોજી સાથે જોડવામાં આવશે. ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા

અનુસંધાન ૬

## મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક આ ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે

ન્યુ પોર્ટ રોડ અને વરતેજ પાસે સૂચિત આ મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ ભાવનગરના લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે. આ પાર્ક રેલવે, સડક અને બંદર (પોર્ટ) એમ વિવિધ પરિવહન માધ્યમોને એક જ સ્થળે સાંકળશે. અહીં મોટા પાયે વેરહાઉસિંગ, કન્ટેનર ટર્મિનલ્સ, ક્લીયરન્સ હાઉસ અને મૂલ્યવર્ધિત સેવાઓ જેવી કે પેકેજિંગ અને સોટિંગની સુવિધા ઉપલબ્ધ હશે. આનાથી ઉદ્યોગોને કાચો માલ મંગાવવા અને તૈયાર માલ એક્સપોર્ટ કરવામાં સમય અને નાણાંની મોટી બચત થશે.

### માઈક્રો ડિલિવરી હબ્સ ; ઈવી વાહનો દ્વારા માલ પહોંચશે

ઉપયોગિતાઃ મોટા ટ્રકો દ્વારા લાવવામાં આવેલ માલ શહેરની બહાર જ આ હબ્સ પર ઉતારી લેવામાં આવશે, ત્યાંથી નાના અને પ્રદૂષણમુક્ત વાહનો (ઈફ) દ્વારા શહેરના દુકાનદારો સુધી માલ પહોંચાડવામાં આવશે. આ ‘લાસ્ટ માઈલ ડિલિવરી’ મોડેલથી શહેરના મધ્ય વિસ્તારોમાં ટ્રાફિકની ગીચતા દૂર થશે અને બજારો વધુ ગ્રાહક-સ્નેહી બનશે.

### નારી રોડ પર સંકલિત ‘ટ્રાન્સપોર્ટ નગર’ વિકસાવાશે

હાલમાં શહેરમાં વેરવિખેર ચાલી રહેલી ટ્રાન્સપોર્ટ ઓફિસો અને ગોદામોને અહીં આધુનિક સંકુલમાં સ્થાનાંતરિત કરવામાં આવશે. અહીં ટ્રક ડ્રાઈવરો માટે આરામગૃહ, વાહનોના મેન્ટેનન્સ માટે સ્પેરપાર્ટની દુકાનો, ગેરેજ અને બેંકિંગ જેવી પાયાની સુવિધાઓ હશે. આનાથી વ્યાપારી પ્રવૃત્તિઓ વધુ સુવ્યવસ્થિત બનશે.

### પ્રવેશદ્વારો પર બનશે વ્યૂહાત્મક ટ્રક ટર્મિનલ્સ

શહેરના પ્રવેશદ્વારો જેમ કે બુધેલ રોડ, તળાજા રોડ, કાળા તળાવ રોડ અને નવા બંદર રોડ પર અત્યાધુનિક ટ્રક ટર્મિનલ્સનું આયોજન છે. આ ટર્મિનલ્સનો મુખ્ય ઉદ્દેશ્ય ભારે વાહનોને શહેરની અંદર પ્રવેશતા અટકાવી હાઈ-વે પર જ સુરક્ષિત પાર્કિંગ આપવાનો છે. આનાથી શહેરના આંતરિક માર્ગો પર ટ્રાફિકનું ભારણ ઘટશે, માર્ગોની આવરદા વધશે અને અકસ્માતોમાં મોટો ઘટાડો થશે.

# અમેરિકાના ટેરિફ બોમ્બથી ભારત પરનો ટેરિફ વધીને ૭૫ ટકા થઈ શકે

### ભારત અને ઈરાન વચ્ચે વેપારને વિપરીત અસર થવાની સંભાવના

નવી દિલ્હી,

ભારત માટે આ નિર્ણય ચિંતાજનક સાબિત થઈ શકે છે. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને હથિયારો ખરીદવા બદલ અમેરિકાએ ભારત પર પહેલાથી જ ૨૫ ટકા ટેરિફ લાદેલો છે, જે વધીને ૫૦ ટકા સુધી પહોંચ્યો છે. હવે જો ઈરાન સાથેના વેપાર બદલ વધુ ૨૫ ટકા ટેરિફ ઉમેરાય, તો ભારત પરનો કુલ યુએસ ટેરિફ ૭૫ ટકા ટકા સુધી પહોંચી શકે છે. નોંધનીય છે કે ૨૦૧૯થી ભારતે અમેરિકાના દબાણ હેઠળ ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની આયાત બંધ કરી દીધી છે. જો કે, અન્ય ચીજવસ્તુઓનો વેપાર હજુ પણ સક્રિય છે.

તાજેતરના વર્ષોમાં ભારત ઈરાનના પાંચ સૌથી મોટા વેપારી ભાગીદારોમાંનો એક રહ્યો છે. ભારતથી ઈરાનમાં નિકાસ થતી મુખ્ય ચીજોમાં ચોખા, ચા, ખાંડ, ફાર્માસ્યુટિકલ્સ, કૃત્રિમ ફાઈબર, ઈલેક્ટ્રિકલ મશીનરી અને કૃત્રિમ ઘરેણાંનો સમાવેશ થાય છે. ઈરાનથી ભારતમાં થતી મુખ્ય આયાતોમાં સૂકા મેવા, અકાર્બનિક/કાર્બનિક રસાયણો અને કાચના વાસણોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, ભારત માટે ઈરાન માત્ર વ્યાપારી ભાગીદાર નથી, પરંતુ ચાબહાર પોર્ટ દ્વારા મધ્ય એશિયા સુધી પહોંચવાનો માર્ગ પણ છે. જો ટ્રમ્પ પ્રશાસન ટેરિફ બાબતે કડક વલણ અપનાવશે, તો ભારતે કાં તો ઈરાન સાથેનો વેપાર ઘટાડવો પડશે અથવા અમેરિકામાં પોતાની નિકાસ મોંઘી થતા આર્થિક નુકસાન વેઠવું પડશે.

# ઈરાન સાથે વેપાર કરતા દેશો પર ૨૫ ટકા ટેરિફ : ટ્રમ્પ

### યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો માટે મુશ્કેલીઓ વધારી : ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીએ પ્રદર્શનકારીઓને અલ્લાહના દુશ્મન ગણાવ્યા

વોશિંગ્ટન,

ઈરાનમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં ૫૦૦ થી વધુ લોકોના મોતની આશંકા છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીએ પ્રદર્શનકારીઓને અલ્લાહના દુશ્મન ગણાવ્યા છે અને તેમની સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.બીજી તરફ

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો માટે મુશ્કેલીઓ વધારી દીધી છે. તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "ઈરાન સાથે વેપાર કરતા કોઈપણ દેશને તાત્કાલિક અસરથી યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના તમામ વેપાર પર ૨૫ ટકા ટેરિફ ચૂકવવાની જરૂર પડશે." ડોનાલ્ડ ટ્રમ્પે તેમના આદેશને અંતિમ અને નિર્ણાયક ગણાવ્યો છે.

ટ્રમ્પના નિર્ણયથી ઈરાન પર દબાણ વધવાની અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે ઈરાનમાં છેલ્લા ૧૫ દિવસથી દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો



થઈ રહ્યા છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં સ્પષ્ટતા કરી હતી કે આ ટેરિફ તાત્કાલિક અસરથી લાગુ થશે. અગાઉ, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પણ ઈરાનને પરોક્ષ ચેતવણી આપી હતી.

ઈરાનમાં યુએસ વર્ચ્યુઅલ એમ્બેસી દ્વારા જારી કરાયેલી એડવાઈઝરીમાં યુએસ નાગરિકોને તાત્કાલિક ઈરાન છોડવાની વિનંતી કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે, "ઈરાનમાં વિરોધ પ્રદર્શનો વધી રહ્યા છે અને હિંસક બની શકે છે, જેના પરિણામે ધરપકડ અને ઈજાઓ થઈ શકે છે. સુરક્ષા કડક કરવામાં આવી છે, રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે, જાહેર પરિવહન ખોરવાઈ ગયું છે, અને ઈન્ટરનેટ ઍક્સેસ પ્રતિબંધિત છે. એરલાઈન્સ ઈરાન જતી અને જતી ફ્લાઈટ્સ મર્યાદિત અથવા રદ કરી રહી છે. યુએસ નાગરિકોએ સતત ઈન્ટરનેટ આઉટેજ માટે તૈયાર રહેવું જોઈએ અને સંદેશાવ્યવહારના વૈકલ્પિક માધ્યમો માટે યોજના બનાવવી જોઈએ. જો આવું કરવું સલામત હોય, તો ઈરાનથી આર્મેનિયા અથવા તુર્કી જવા માટે રોડ માર્ગે જવાનો વિચાર કરો."

# કોન્ટ્રાકટર દ્વારા રાખવામાં આવેલ કર્મચારી સરકારી કર્મચારી સાથે સમાનતાનો દાવો કરી શકે નહીં

### સરકારી નોકરી એક જાહેર સંપત્તિ છે અને તેના પર દેશના દરેક લાયક નાગરિકનો સમાન અધિકાર : કોર્ટનું અવલોકન

નવી દિલ્હી

સુપ્રિમ કોર્ટે કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ માટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, કોઈ એજન્સી કે કોન્ટ્રાક્ટર દ્વારા કરાર પર રાખવામાં આવેલા કર્મચારીઓ સરકારી વિભાગો કે સંસ્થાઓના નિયમિત કર્મચારીઓ સાથે સમાનતાનો દાવો કરી શકે નહી.

જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે આ મામલે અવલોકન કરતા જણાવ્યું કે, સરકારી નોકરી એ એક ’જાહેર સંપત્તિ’ છે અને તેના પર દેશના દરેક લાયક નાગરિકનો સમાન અધિકાર છે. અદાલતે ભારપૂર્વક કહ્યું કે, નિયમિત નિમણૂક એક પારદર્શક પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે જેમાં તમામ લાયક ઉમેદવારોને તક મળે છે, જ્યારે કોન્ટ્રાક્ટ પરની ભરતી એજન્સીની મરજી પર નિર્ભર હોય છે. આથી, કાયદાની નજરમાં આ બંને શ્રેણીઓ સંપૂર્ણપણે અલગ છે. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૮માં નંદયાલ નગરપાલિકામાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા સફાઈ કામદારોને નિયમિત કર્મચારીઓ જેવું જ વેતન અને ભથ્થા આપવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ નિર્ણયને રદ કરી દીધો છે.

# બાંગ્લાદેશમાં હિન્દૂ રીક્ષાચાલકની ઢોરમાર મારી હત્યા

### બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાય વિરુદ્ધ હિંસાનો સિલસિલો યથાવત : ત્રણ સપ્તાહમાં હત્યાની આઠમી ઘટના

ઢાકા,

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાય વિરુદ્ધ હિંસાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. ફરી એકવાર અમાનવીય ઘટના સામે આવી છે, જેમાં એક નિર્દોષ હિન્દુ યુવકની કરપીણ હત્યા કરવામાં આવી છે. છેલ્લા ૨૫ દિવસમાં હિન્દુઓની હત્યાની આ ૮મી ઘટના છે, જે દર્શાવે છે કે ત્યાં લઘુમતીઓની સુરક્ષા ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે. આ ઘટનાએ બાંગ્લાદેશમાં વસતા હિન્દુ પરિવારોમાં ભારે ડર અને રોષનો માહોલ પેદા કર્યો છે.

આ ઘટના ફેગુઆના દાગનભુઆ વિસ્તારની છે, જ્યાં ૨૮ વર્ષીય સમીર દાસ નામના યુવકને નિશાન બનાવવામાં આવ્યો હતો. સમીર બેટરી રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે રાત્રે જ્યારે તે ઘરે ન પહોંચ્યો ત્યારે શોધખોળ શરૂ કરવામાં આવી હતી. મોડી રાત્રે તેનો લોહીલુહાણ દેહ દક્ષિણ કરીમપુર વિસ્તારમાંથી મળી આવ્યો હતો. હુમલાખોરો સમીરને ઢોર માર મારી તેની રિક્ષા લૂંટીને ફરાર થઈ ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ, સમીર કુમાર દાસની હત્યા ૧૧ જાન્યુઆરીની સાંજે કરવામાં આવી હતી. થાણા પ્રભારી ફૈયાઝુલ અઝીમ નોમાનના કહેવા પ્રમાણે, આ હત્યા પાછળ કોઈ ઊંડું ષડયંત્ર હોવાની પણ શક્યતા છે.

# પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ નોંધાયા : કેન્દ્રીય ટીમ દ્વારા તપાસ

કોલકાતા,

પશ્ચિમ બંગાળના પરગણા જિલ્લાના બારાસાતમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે. આ બંને દર્દીઓ બારાસાતની એક ખાનગી હોસ્પિટલમાં મેલ અને ફીમેલ નર્સ તરીકે ફરજ બજાવે છે. હાલ તેમની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાવાયું છે અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, આ બંને નર્સ ડિસેમ્બર મહિનામાં મિદનાપુર અને બર્ધમાન સ્થિત પોતાના ઘરે ગયા હતા, જ્યાં તેઓ બીમાર પડ્યા હતા. બંગાળના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીએ આ મામલે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, બંને શંકાસ્પદ દર્દીઓ એક જ હોસ્પિટલમાં કામ કરે છે અને હાલ ત્યાં જ સારવાર હેઠળ છે. વાયરસના ફેલાવાને રોકવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક ’કોન્ટેક્ટ ટ્રેસિંગ’ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ બંને વ્યક્તિઓના સેમ્પલ પુષ્ટિ માટે પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી(NIV) ખાતે મોકલવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ અસરગ્રસ્ત જિલ્લાઓના મેડિકલ ઓફિસરો સાથે તાકીદની બેઠકો યોજી છે.

# અજમેર દરગાહ મૂળ શિવ મંદિર હોવાનો દાવો

જયપુર,

રાજસ્થાનમાં આજે એક જિલ્લા કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં અજમેર દરગાહ મૂળરૂપે ‘શિવ મંદિર’ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સાથે જ આ સ્થળનો સર્વે કરવાની પણ માંગ કરવામાં આવી હતી.

આ અરજી અજમેરની એક કોર્ટમાં જમણેરી જૂથ મહારાણા પ્રતાપ સેનાના રાષ્ટ્રીય પ્રમુખ રાજવર્ધન સિંહ પરમાર દ્વારા દાખલ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે અજમેર દરગાહ એક શિવ મંદિર હતું અને પછીથી તેને દરગાહ બનાવી દેવામાં આવ્યું હતું. હું લાંબા સમયથી આ મુદ્દા માટે લડી રહ્યો છું. પહેલા રાષ્ટ્રપતિને એક અરજી સોંપવામાં આવી હતી. જેને રાજસ્થાનના મુખ્ય સચિવને મોકલી દેવામાં આવી છે.તેમણે વધુમાં કહ્યું કે અરજીમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ(એએસઆઇ) દ્વારા સર્વેક્ષણની પણ માંગ કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલ એ પી સિંહે જણાવ્યું કે અરજી અજમેરના જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો કે આ જગ્યાએ ભગવાન શિવને સમર્પિત એક મંદિર હતું અને તે પ્રાચીન કાળનું છે.

વર્ષ ૨૦૨૪માં હિન્દુ સેનાના પ્રમુખ વિષ્ણુ ગુપ્તાએ પણ આવો દાવો કરતી એક અરજી દાખલ કરી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે સૂફી સંત મોઇનુદ્દીન ચિશ્તીની દરગાહ એક મંદિરની જગ્યા ઉપર બનાવવામાં આવી હતી. તેમણે દરગાહને હિન્દુ મંદિર જાહેર કરવાની માંગ પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અજમેર શરીફ દરગાહને ભારતના સૌથી પવિત્ર મુસ્લિમ યાત્રાધામો પૈકીનું એક માનવામાં આવે છે. તે અજમેરમાં એક પ્રખ્યાત સ્થળ પણ છે. ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી પર્શિયાના એક સૂફી સંત હતા. તેઓ અજમેર આવ્યા અને ઇ.સ. ૧૧૯૨ થી ૧૨૩૬ સુધી એટલે કે તેમના મૃત્યુ સુધી પોતાનું ઘર બનાવીને રહ્યા હતા.






# એનર્જી બાસ્કેટમાં નેચરલ ગેસનો ફાળો ૦૬%થી વધારીને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૫% સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં તેલ અને ગેસ ક્ષેત્રમાં ભારતમાં અગ્રેસર રીતે એનર્જી ગેટવે બનતું ગુજરાત' વિષયક સેમિનાર યોજાયો

રાજકોટ,

રાજકોટ મારવાડી યુનિવર્સિટી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય અધ્યક્ષતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ : સૌરાષ્ટ્ર-કચ્છ'નો શુભારંભ થયો હતો. ત્યારબાદ વિવિધ વિષયોના સેમિનાર યોજાયા હતાં. જે અન્વયે ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા એમ.ડી. શ્રી અવંતિકા સિંઘના અધ્યક્ષસ્થાને 'તેલ અને ગેસ ક્ષેત્રમાં ભારતમાં અગ્રેસર રીતે એનર્જી ગેટવે બનતું ગુજરાત' વિષયક સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં એક્ઝીક્યુટીવ ડિરેક્ટર ઓફ ઓ.એન.જી.સી. મહેસાણા શ્રી સુનિલ કુમાર, એન્ટીલોપ્સ સેલાન એનર્જીના ડિરેક્ટર શ્રી પિનાકધર મોહાપાત્રા, એડવાન્સ ગેસ એન્ડ એલ.એન.જી. બિઝનેસના ડિરેક્ટર શ્રી દિવ્યેશભાઈ દેસાઈ અને આઈ.ઓ.એ.જી.પી.એલ.ના સી.ઓ.ઓ. શ્રી ભાષિતભાઈ ધોળકીયાએ એનર્જી હબ તરીકે વધુ મજબૂત બનાવવાની રણનીતિ અંગે ચર્ચા કરી હતી.

આ સેમિનારમાં ઊર્જા ક્ષેત્રે ગુજરાત રાજ્યની ભૂમિકા અંગે પરામર્શ કરાયો હતો. વક્તાઓએ જણાવ્યું હતું કે, ગુજરાત પોતાની ભૌગોલિક સ્થિતિ અને લાંબા દરિયાકાંઠાને કારણે ભારતનું 'એનર્જી ગેટવે' બની રહ્યું છે. એનર્જી બાસ્કેટમાં નેચરલ ગેસનો ફાળો અંદાજે ૦૬% છે, જેને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૫% સુધી પહોંચાડવાનો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ધ્યેય છે. હાલમાં ગુજરાતમાં ૨૭૦૦ કિલોમીટરથી વધુ ટ્રાન્સમિશન નેટવર્ક છે, ૫૩૦૦ કિલોમીટર જેટલું ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, ૧૦૦૦થી વધુ એલ.એન.જી. સ્ટેશન તથા ૦૫ એલ.એન.જી. ટર્મિનલની સુવિધા ઉપલબ્ધ છે.

આ તકે એમ.ડી. શ્રી અવંતિકા સિંઘ, હાઈ કમિશ્નર ઓફ ધ રીપબ્લિક ઓફ રવાન્ડા શ્રી જેક્લીન મુકાનગીરા સહિત જી.એસ.પી.સી.ના હોદેદારોને મોમેન્ટો આપીને સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં દેશ-વિદેશના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યાં હતાં. આમ, આ વાઈબ્રન્ટ કોન્ફરન્સે સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગ સાહસિકો માટે તેલ અને ગેસ ક્ષેત્રે રહેલી નવીન તકોના દ્વાર ખોલ્યા છે.

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદર અને ટીમની જહેમત ઉભરી આવી

### ગુજરાત સરકારમાં વ્યાપક અનુભવ માટે તેમનું નામ જાણીતું છે: ઉદ્યોગ, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રોમાં તેમણે કરેલી કામગીરી ગુજરાત માટે રહી છે ફાયદાકારક

ભાવનગર,તા.૧૩

રાજયમાં પ્રતિવર્ષ વ્યાપાર, ધંધા અને ઉદ્યોગને વેગ આપવા સાથે મહતમ રોજગારી આપવાના હેતુથી યોજાતા વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન વિકાસનો માઈલ સ્ટોન બની રહ્યું છે, વાઈબ્રન્ટના આયોજન પાછળ વિકાસ પુરુષ અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિઝન આભારી છે. જયારે વાયબ્રન્ટ ગુજરાતની સફળતા પાછળ ગુજરાતના સનદી અધિકારીઓનો પરિશ્રમ અને કુનેહ પણ કામ આવે છે જે પૈકી ગુજરાત કેડરના આઈએએસ એસ.જે. હૈદરનું નામ પ્રથમ હરોળમાં ગણવામાં આવે છે.તાજેતરમાં રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છ યોજાઈ ગઈ જેને અભૂતપૂર્વ સફળતા સાંપડી છે, રાજ્ય કક્ષાએ યોજાતો વાઈબ્રન્ટ ઉત્સવ આ વર્ષે સૌરાષ્ટ્ર કચ્છમાં પ્રદેશ કક્ષાએ પ્રથમ વખત યોજાયો. સૌરાષ્ટ્ર કચ્છ પ્રદેશના ઉદ્યોગપતિઓ દ્વારા કરોડો રૂપિયાના એમઓયુ કરી વિકાસની હરણફાળમાં રાજ્ય સરકાર સાથે હાથ મેળવ્યા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા તે સમયથી વાઈબ્રન્ટ મહોત્સવની શરૂઆત થઈ છે અને તે પહેલને રાજ્ય સરકારે જાળવી રાખી છે. વડાપ્રધાન મોદીના વિઝન અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં યોજાયેલ વાઈબ્રન્ટ રિઝનલ કોન્ફરન્સની સફળતામાં ગુજરાતના વરિષ્ઠ આઈ.એ. એસ એવા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના મુખ્ય સચિવ તથા હાલમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે સેવા આપી રહેલા એસ.જે હૈદરની જહેમત ઉભરી આવી હતી. ગુજરાત સરકારમાં વ્યાપક અનુભવ માટે તેમનું નામ જાણીતું છે, ઉદ્યોગ, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રોમાં તેમણે કરેલી કામગીરીથી ગુજરાતને ઘણો જ ફાયદો થયો છે. વાઈબ્રન્ટ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છની રિજનલ કોન્ફરન્સથી વિવિધ ક્ષેત્રે વિકાસ કાર્યોની હરણફાળ જોવા મળશે અને તેના વિશિષ્ટ પરિણામો મળવાનો પૂર્ણ આશાવાદ છે, ઉલ્લેખનીય છેકે દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રિઝનલ કોન્ફરન્સને ખુલ્લી મૂકી હતી.

## અમદાવાદમાં એક જ દિવસમાં આગના ૯ કોલ મળ્યા

### અઠવાડિયામાં ફાયરવિભાગને ૫૧ ઈમરજન્સી કોલ, શિયાળામાં આગના બનાવમાં વધારો

અમદાવાદ,

સામાન્ય રીતે ઉનાળાની સીઝનમાં આગના બનાવો વધતા હોય છે. ગરમી વધારે હોવાના કારણે શોર્ટ સર્કિટ તેમજ અન્ય કારણોસર આગ લાગતી હોય છે. જોકે, અમદાવાદમાં હવે શિયાળાની સીઝનમાં પણ આગના બનાવોમાં વધારો થયો છે. એક અઠવાડિયામાં અમદાવાદ ફાયર બ્રિગેડ ઈમરજન્સી સર્વિસને આગના ૫૧ જેટલા કોલ મળ્યા છે. સામાન્ય રીતે આગ-રેસ્ક્યુના દરરોજ ત્રણથી પાંચ કોલ આવતા હોય છે, પરંતુ એક દિવસમાં ૫થી ૭ જેટલા કોલ મળી રહ્યા છે. શિયાળામાં આગના બનાવો વધવાના કિસ્સામાં વીજ જોડાણમાં શોર્ટ સર્કિટના કારણો હોઈ શકે છે, જેથી વીજ પર થતા લોડના કારણે પણ આગ લાગી શકે છે. અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસના ચીફ ઓફિસર અમિત ડોંગરેએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ઉનાળામાં આગના કોલમાં વધારો થતો હોય છે પણ અમદાવાદમાં શિયાળાની સીઝનમાં થોડા દિવસથી આગના કોલમાં વધારો થયો છે. છેલ્લા સાત દિવસમાં માત્ર આગના ૫૧ ફાયર કોલ મળ્યા છે. રેસ્ક્યુ કોલ ૯૮ મળ્યા હતા. ૮ જાન્યુઆરી, ૧૩ જાન્યુઆરી અને ૧૧ જાન્યુઆરી રવિવારે એક જ દિવસમાં આગના ૯ કોલ મળ્યા હતા. આ અંગે ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી, પરંતુ વીજ કરંટ અને શોર્ટ સર્કિટ એક કારણ હોઈ શકે તેવું અનુમાન થઈ રહ્યું છે. અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન માત્ર આગ બુઝાવવાની કામગીરી જ નહીં, પરંતુ આગ અને અકસ્માત જેવી ગંભીર દુર્ઘટનાઓમાં ફસાયેલા નાગરિકોને બચાવી તેમને જીવનદાન આપ્યું છે. આ સમયગાળા દરમિયાન ફાયર વિભાગે કુલ ૬,૪૪૧ ઈમરજન્સી કોલ પર તાત્કાલિક પ્રતિસાદ આપ્યો હતો, જેમાં ૨,૮૩૫ આગના કેસ તેમજ ૩,૬૦૬ રેસ્ક્યુ ઓપરેશનનો સમાવેશ થાય છે. આ વ્યાપક કામગીરી દરમિયાન ફાયર વિભાગે ૬૭૮ લોકોના જીવ બચાવી અનેક પરિવારોને ફરીથી જીવનની ખુશી આપી છે. આગ, અકસ્માત, ઊંચાઈ પરથી પડવાના બનાવો કે પાણીમાં ફસાયેલા નાગરિક હોય, દરેક પરિસ્થિતિમાં ફાયર જવાનોએ પોતાના જીવને જોખમમાં મૂકી બીજાને નવુ જીવન આપ્યું છે. વર્ષ ૨૦૨૧થી આજ સુધી સાબરમતી નદીમાંથી ૨૭૧ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે. લોકો સાબરમતી નદીમાં પડતું મૂકે છે અને તરત જ સ્થાનિક લોકો જીવ બચાવવા માટે થઈ ફાયર બ્રિગેડને કોલ કરે છે, ત્યારે ફાયર રેસ્ક્યુની ટીમ તાત્કાલિક પહોંચી જઈ બહાર કાઢી લે છે અને હોસ્પિટલ મોકલી આપતા તેનો જીવ બચી જાય છે.

## કાળવા નદીના કાંઠે દેશી દારૂના અડ્ડા પર SMC ત્રાટકી

### ૧૧.૧૪ લાખનો મુદ્દામાલ સાથે ૯ આરોપીઓ ઝડપાયા, રાજકોટનો બુટલેગર વોન્ટેડ

જૂનાગઢ,

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સ્ટેટ મોનિટરિંગ સેલે જૂનાગઢ શહેરમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પર લાલઆંખ કરી છે. શહેરના મધ્યમાં આવેલા કાલવા નદીના કાંઠે અને પંચેશ્વર મહાદેવ મંદિરની પાછળ ચાલતા દારૂના કાળા કારોબાર પર જીસ્ઝ એ મધરાતે ત્રાટકીને લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ત્યારે SMC ના દેશી દારૂના અડ્ડા પર રેડ કાર્ટ બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

SMC ના પીએસઆઈ કે.એચ. ઝણકાટ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે જૂનાગઢમાં પ્રદીપ ટોકીઝ રોડ, કાલવા ચોક પાસે નદીના પટમાં મોટા પાયે દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે ઘેરાબંધી કરીને દરોડો પાડ્યો હતો. આ સ્થળેથી મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો અને દારૂ બનાવવાનો આથો મળી આવ્યો હતો.

પોલીસે આ દરોડા દરમિયાન દેશી દારૂ ૧૭૫૫ લિટર કિં.રૂ. ૩.૫૧ લાખ, દારૂનો આથો ૯૮૨૦ લિટર કિં.રૂ. ૨.૪૫ લાખ, વાહનો ૦૯ નંગ કિં.રૂ. ૪.૨૦ લાખ, મોબાઈલ ૧૦ નંગ કિં રૂ. ૪૫,૫૦૦ તેમજ ગેસના સિલિન્ડર, ગેસના ચૂલા, ગોળની ભીલીઓ, ઈસ્ટના બોક્સ, વોટર મોટર અને સિન્ટેક્ષની ટેક્ર સહિતની સાધન-સામગ્રી મળી કુલ રૂ. ૧૧,૧૪,૯૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

SMC એ સ્થળ પરથી કુલ ૯ શખ્સોને ઝડપી પાડ્યા છે, જેમાં એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરનો પણ સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓમાં ગોવિંદ ઉર્ફે અબલુ મોરી, રાજુ મોરી, કૌશિક મોરી, અતુલ ઉર્ફે અજીત ખરેડ, દેવેન્દ્ર ઉર્ફે દેવા મોરી, યશ મોરી, ગીગન ગલચર અને માંડા મોરી આતમામ રબારી વાસ જૂનાગઢના રહીશ છે. જયારે રાજકોટ મેટોડા GIDCનો રહેવાસી ગોગન ગઢવી આ કેસમાં વોન્ટેડ જાહેર કરાયો છે.

આરોપીઓ વિરુદ્ધ જૂનાગઢ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫, ૮૧, ૮૩, ૯૮(૨) તેમજ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS) ની કલમ ૧૧૧ (સંગઠિત ગુનો) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.પકડાયેલ આરોપીઓ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## આણંદમાં વિધર્મી યુવકે કિશોરીને પ્રેમજાળમાં ફસાવી વારંવાર આચર્યું દુષ્કર્મ

### કિશોરીને વિવિધ બહાનાઓથી અલગ-અલગ સ્થળોએ બોલાવીને આરોપીએ તેના પર બળજબરી કરી અને દુષ્કર્મ આચર્યું

આણંદ,

આણંદમાં ફરી એકવાર લવ જેહાદ જેવી ઘટના સામે આવી છે, જેમાં ૨૬ વર્ષીય યુવક યાસીનખાનએ એક નાની કિશોરીને પ્રેમ અને મિત્રતાના નામે ફસાવીને તેની સાથે વારંવાર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનો ગંભીર આરોપ છે. આ ઘટનાએ સ્થાનિક સમાજમાં ભારે આક્રોશ અને ચિંતા ફેલાવી છે.

પોલીસને મળેલી ફરિયાદ અને પ્રાથમિક તપાસ અનુસાર,આરોપી યુવકે કિશોરી સાથે સોશિયલ મીડિયા અથવા અન્ય ઓનલાઈન/ઓફલાઈન માધ્યમો દ્વારા પ્રથમ સંપર્ક સાધ્યો હતો. ધીમે-ધીમે તેણે તેની સાથે મિત્રતા કેળવી અને પછી પ્રેમના જાળામાં ફસાવી દીધી. કિશોરીને વિવિધ બહાનાઓથી અલગ-અલગ સ્થળોએ બોલાવીને આરોપીએ તેના પર બળજબરી કરી અને દુષ્કર્મ આચર્યું. આ ઘટના એક વખતની નહીં, પરંતુ અનેક વખત બની હોવાનું સામે આવ્યુંછે. આરોપીએ કિશોરીને ધમકીઓ પણ આપી હતી કે જો તે આ વાત કોઈને કહેશે તો તેના ફોટા, ચેટ્સ અથવા વીડિયોને વાયરલ કરી દેશે, જેના કારણે કિશોરી લાંબા સમય સુધી ડરના માર્યા મૌન રહી.આખરે કિશોરીએ પોતાના પરિવારને આ સમગ્ર બનાવની જાણ કરી, જે બાદ પરિવારે તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

## ગાંધીનગરમાં લાડુ ભોજન સ્પર્ધા યોજાઈ, વિજેતાઓ જાહેર

### નિમેષ ચૌહાણ 'લાડુ વીર', હેમાબેન સગર 'લાડુ વીરાંગના' બન્યા

ગાંધીનગર,

ગાંધીનગરમાં લાલ-ગ્રીન પાર્ટી પ્લોટ ખાતે લાડુ ભોજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજયભરમાંથી ૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કશ્યપ નિમાવત અને કુંતલ નિમાવતે માહિતી આપતા જણાવ્યું કે, આ સ્પર્ધા વયજૂથ પ્રમાણે કુલ આઠ વિભાગમાં યોજાઈ હતી. પ્રત્યેક વિભાગમાં પુરુષ અને મહિલા એમ બે પેટાવિભાગ પાડીને ત્રણ વિજેતાઓને ઈનામો એનાયત કરાયા હતા. સ્પર્ધામાં ગાંધીનગર ઉપરાંત દહેગામ, અમદાવાદ, પોરબંદર, સુરેન્દ્રનગર, જામનગર અને ડીસાના સ્પર્ધકો જોડાયા હતા. સૌથી નાની વયના સ્પર્ધકની ઉંમર પાંચ વર્ષ અને સૌથી મોટી વયના સ્પર્ધકની ઉંમર ૮૨ વર્ષ હતી. લાડુ ભોજન માટે ૩૦ મિનિટનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો હતો. આ સમયમર્યાદામાં મહત્તમ લાડુ ખાનારને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધાની વિશેષતા એ હતી કે કોઈપણ જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વગર દરેક લોકોએ ભાગ લીધો હતો. આયોજકો દ્વારા જંક ફૂડનો ત્યાગ કરીને પરંપરાગત ભોજન તરફ પાછા ફરવા સમાજને અપીલ પણ કરવામાં આવી હતી. સ્પર્ધાના અંતે નિમેષ મહેન્દ્રભાઈ ચૌહાણને 'લાડુ વીર' અને હેમાબેન સગરને 'લાડુ વીરાંગના' તરીકે સન્માનિત કરવામાં આવ્યા. નિમેષ ચૌહાણે ૧૦ લાડુ અને હેમાબેન સગરે ૮ લાડુ ખાઈને આ ખિતાબ મેળવ્યા હતા. કેનેડાથી માતા-પિતાને મળવા અમદાવાદ આવેલા ધ્રુમિલ ત્રિવેદીએ ૧૯ થી ૨૫ ની વયજૂથમાં પ્રથમ સ્થાન મેળવ્યું. ધ્રુમિલના માતા મનીષાબેન હિતેન્દ્રભાઈ ત્રિવેદીએ ૫૧ થી ૬૦ ના વયજૂથના મહિલા વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર સ્પર્ધાના આયોજનમાં અશ્વિન ત્રિવેદી, હાર્દિક તલાટી, ભાગ્યેશ પરમાર, ગૌરાંગ પંડ્યા સહિતનાઓએ સહયોગ આપ્યો હતો.

## અંબાપુર વાવને પર્યટક સ્થળ તરીકે વિકસાવવામાં આવશે

### અંબાપુરમાં ૧૫મી સદીની વાવ પાસેના તળાવનો પર્યટક સ્થળ તરીકે વિકાસ કરાશે



ગાંધીનગર,

ગાંધીનગરથી અડાલજ જતાં રસ્તામાં આવતા અંબાપુરમાં ૧૫મી સદીની વાવનો ઐતિહસિક સંબંધ રાણી રૂદાબાઈ વાઘેલા સાથે હોવાનું માનવામાં આવે છે. આ વાવમાં હિંદુ અને ઈસ્લામિક વાસ્તુકલા શૈલીનું સંમિશ્રણ જોવા મળે છે. વાવમાં આકર્ષે તેવી સૂક્ષ્મ કોતરણી કરવામાં આવી છે. આ વાવ હાલમાં સંરક્ષિત સ્મારક તરીકે ઓળખાય છે. તેમાં નોંધપાત્ર પર્યટક છે. આ વાવની નજીક સુંદર તળાવ આવેલું છે. પરંતુ તેનો વિકાસ કરવામાં નહીં આવતા પર્યટકો અહીં આવતા નથી. જેથી આગામી સમયમાં તળાવને પર્યટક સ્થળ તરીકે વિકસાવી અહીં પીકનિક સ્પોટ તૈયાર કરાશે.

## હવે ગાંધીનગરના નવા વિસ્તારોમાં પણ રોગચાળો પ્રસર્યો

### મહાનગર પાલિકા દ્વારા ૮૨ હજાર ઘરોનો સર્વે છતાં દૂષિત પાણીની સમસ્યા યથાવત, ટાઈફોઈડના વધુ ૧૦ દર્દી નોંધાયા

ગાંધીનગર,

ગાંધીનગર શહેરને ૨૪ કલાક પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાના દાવા સાથે કરોડોના ખર્ચે નાખવામાં આવેલી નવી પાઈપલાઈન હવે નગરજનો માટે શાપિત સાબિત થઈ રહી છે. બે મહિનાના લાંબા ટ્રાયલ રન પછી પણ નવી લાઈનોમાં લિકેજની સમસ્યા ઠેરની ઠેર છે. જેના પરિણામે શહેરમાં ટાઈફોઈડનો રોગચાળો ફાટી નીકળ્યો હોવાની બુમરાણ ઉઠી છે. તોય આજે રવિવારે વધુ ૧૦ નવા કેસ નોંધાતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. ગાંધીનગરને ૨૪ કલાક શુદ્ધ પાણી આપવાના દાવા સાથે જે નવી પાઈપલાઈન પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેમ છતાં હવે પાઈપલાઈનો શહેર માટે જોખમી સાબિત થઈ રહી છે. તંત્ર ધ્વારા સ્માર્ટ રીતે લાંબા ટ્રાયલ રન કરાયા છતાં લિકેજની સમસ્યા યથાવત છે. પરિણામે શહેરમાં ટાઈફોઈડના કેસોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. આજે રવિવારે વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાતા આંકડો ડબલ સેન્ચુરીની વટાવી જતાં તંત્રની વધુ એક બેદરકારી ખુલ્લી પડી છે. ગાંધીનગર માટે આશીર્વાદને બદલે શાપિત સાબિત થઈ રહેલી સ્માર્ટ સિટીની કામગીરીએ નગરજનોને હોસ્પિટલોમાં દોડતા કરી દીધા છે. તંત્ર દ્વારા બિછાવેલી નવી પાઈપલાઈનનો ઉપયોગ શરૂ થતા જ ગટરના દૂષિત પાણી મિક્સ થવાની ઘટનાઓ વધી છે. આજે મનપાના સત્તાવાર આંકડા મુજબ વધુ ૫ નવા લિકેજ મળી આવ્યા છે. સેકટર-૨૪, ૨૬, ૨૮ અને આદિવાડા બાદ હવે ધીમે ધીમે અન્ય સેકટરોમાં પણ ટાઈફોઈડના કેસ દેખાઈ રહ્યા છે. હાલમાં કુલ ૭૦ દર્દીઓ સારવાર હેઠળ હોવાનો મનપાનો દાવો છે.

ત્યારે શહેરમાં રોગચાળો વકરતા આરોગ્ય શાખાની ૮૫ ટીમોએ આજે ૭૦૧૧ ઘરોમાં સર્વે કરી ક્લોરિન ટેબલેટ અને 'ઈજી પેકેટનું વિતરણ કર્યું હતું. જોકે નાગરિકોનો આક્ષેપ છે કે તંત્ર લિકેજ શોધવા માટે વિશેષ ટીમો બનાવવામાં નિષ્ફળ રહ્યું છે. લોકોની ફરિયાદો છતાં દિવસો સુધી લિકેજ રિપેર કરવામાં આવતા નથી. સ્થાનિકોમાં ભારે રોષ છે કારણ કે મૂળ સમસ્યા લિકેજ રિપેર કરવામાં એન્જિનિયરિંગ વિભાગ નિષ્ફળ રહ્યું છે. લોકોના આક્ષેપ છેકે વારંવારની ફરિયાદો છતાં રિપેરિંગ કામ થતું નથી. તંત્ર નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યું છે. નવી પાઈપલાઈન અને જૂની સમસ્યાની વચ્ચે ગટરના દૂષિત પાણી મિક્સ થવાની ઘટનાઓ વધી છે.જેના કારણે શુદ્ધ પાણીમાં ગંદકી ભળી રહી છે.આરોગ્ય શાખાની ટીમો સર્વે માટે ઘરે-ઘરે ફરી રહી છે ત્યારે પાઈપલાઈનના લિકેજ શોધવા માટે વિશેષ ટીમો ઊભી કરાઈ નહી હોવાના પણ આક્ષેપો છે .નગરજનો દ્વારા લિકેજની ફરિયાદ કરવામાં આવે ત્યારે સેનિટેશન અને એન્જિનિયરિંગની ટીમ દોડતી થાય છે, પરંતુ ઘણી વાર નાગરિકો દ્વારા દિવસો સુધી ફરિયાદ કરવા છતાં લિકેજ દૂર કરવા કામગીરી હાથ ધરાતી નથી તેવી ફરિયાદો ઉઠી રહી છે.

## ત્યજી દેવાયેલી નવજાત બાળકીની પોલીસે છઠ્ઠી ઉજવી : ૬ દિવસીય બાળકીનું નામ 'હસ્તી' રખાયું

### પોલીસ કમિશનરે પિતાતુલ્ય બની નામકરણ વિધિ કરી

સુરત,

કહેવાય છે કે પોલીસ હંમેશા કડક હોય છે, પરંતુ સુરત પોલીસે આ વાતને ખોટી સાબિત કરી એક અનોખો દાખલો બેસાડ્યો છે. સુરતના દેલાડવા તળાવ પાસે ત્યજી દેવાયેલી એક દિવસની માસૂમ બાળકી માટે આજે આખી સુરત પોલીસ તેનો પરિવાર બની ગઈ છે. શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતની પ્રેરણાથી આ બાળકીની શાસ્ત્રોક્ત વિધિ મુજબ 'છઠ્ઠી' કરવામાં આવી અને તેનું નામ "હસ્તી" રાખવામાં આવ્યું છે. આશરે છ દિવસ પહેલા સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલા દેલાડવા તળાવ પાસે એક નવજાત બાળકી ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવી હતી. માત્ર એક દિવસની આ બાળકીને નિષ્ઠુર જનેતાએ કયા સંજોગોમાં છોડી દીધી તે તપાસનો વિષય છે, પરંતુ સુરત પોલીસને જાણ થતા જ માનવતા મહેકી ઉઠી હતી. ડીંડોલી પોલીસે તાત્કાલિક બાળકીને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરી હતી.

સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં બાળકીને રિમાન્ડ હોમ મોકલી દેવામાં આવતી હોય છે, પરંતુ સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે આ બાબતે સંવેદનશીલતા દાખવી. બાળકી આજે જ્યારે છ દિવસની થઈ, ત્યારે પોલીસ સ્ટેશનના પટાંગણમાં જ તેની નામાંકરણ વિધિ (છઠ્ઠી)નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે પોતે ઉપસ્થિત રહી બાળકીને આશીર્વાદ આપ્યા હતા. ડીંડોલી પોલીસ મથકના પી.આઈ. આર.જે. ચુડાસમા અને તેમની ટીમ ૨૪ કલાક બાળકીની દેખરેખ રાખી રહી છે. હોસ્પિટલમાં ૨૪ કલાક મહિલા પોલીસ કર્મીઓ તૈનાત છે, જેઓ બાળકીની માતાની ખોટ વર્તાવા દેતા નથી. નામાંકરણ વિધિ દરમિયાન ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા. જે બાળકીનું આ દુનિયામાં કોઈ નહોતું, તેના માટે આજે ખાખી વર્દીધારીઓ હાલરડાં ગાતા અને ખુશીઓ મનાવતા નજરે પડ્યા હતા.

પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, "લોકોની સુરક્ષાની સાથે સામાજિક જવાબદારી અદા કરવી એ પણ પોલીસની ફરજ છે. એક તરફ પોલીસ 'હસ્તી'ની સારસંભાળ રાખી રહી છે, તો બીજી તરફ તે માસૂમ બાળકીને રઝળતી મૂકી જનાર તેની માતાની શોધખોળ પણ તેજ ગતિએ ચાલી રહી છે. સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક બાતમીદારોની મદદથી પોલીસ ગુનેગાર સુધી પહોંચવા પ્રયત્ન કરી રહી છે. સુરત પોલીસની આ કામગીરીએ સાબિત કર્યું છે કે ખાખી વર્દીની અંદર પણ એક સંવેદનશીલ હૃદય ધબકે છે. 'હસ્તી' નામની આ બાળકી હવે સુરત પોલીસની દીકરી બની ગઈ છે. આ સાથે એક બેંક એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યું છે અને તેમાં પોલીસ જવાનો પોતાની રીતે રાશિ અર્પણ કરશે.

# જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી વલ્લભીપુર ખાતે કરાશે

## કલેકટર બંસલના અધ્યક્ષસ્થાને તૈયારીના ભાગરૂપે સમીક્ષા બેઠક યોજાઇ

ભાવનગર,તા.૧૩

ભાવનગર કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર ડૉ.મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને આગામી ૨૬ જાન્યુઆરીની ઉજવણીની તૈયારીના ભાગરૂપે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરે વલ્લભીપુર તાલુકામાં ગંભીરસિંહજી હાઈસ્કૂલની પાછળના ગ્રાઉન્ડમાં યોજાનાર જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પોલીસ બેન્ડ, પરેડ તથા સલામતીની વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો,સ્ટેજ,મંડપ તથા માઈક પોડીયમની વ્યવસ્થા, સન્માનપત્રો તૈયાર કરવાં,એપ્રૃવ કરાવવાં,વાહન પાર્કિંગની વ્યવસ્થા, કાર્યક્રમનાં સ્થળે મેડીકલ વાહન/ એમ્બ્યુલન્સ ઉપસ્થિત રાખવાં,ધ્વજવંદન કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થાઓ બાબતે પરામર્શ કરવામાં આવ્યો હતો.

કલેકટરે કાર્યક્રમને સફળ બનાવવાં માટે વિવિધ ૧૭ જેટલાં વિભાગોને જવાબદારી સોંપી સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા સુચના સાથે જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેકટર એન.ડી.ગોવાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુ, પ્રાંત અધિકારી ભૂમિકાબેન વાટલીયા સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં

# અક્વાડામાં યુવાનની હત્યા કરનાર આરોપીઓનું કરાયું રિકન્ટ્રક્શન


તસવીર : ધવલ વાજા



ભાવનગર શહેરના અક્વાડા ગામે રહેતા યુવાનના ફઈબાની દીકરી બહેનને અલ્પેશ સોલંકી નામનો યુવાન મોબાઈલ પર મેસેજ કરતો હોય મિત્ર દિનેશ ચૌહાણને સાથે રાખી તેને સમજાવવા જતા અલ્પેશ સોલંકી, રાહુલ સોલંકી અને અન્ય બે સહીત ચાર લોકોએ દિનેશ ચૌહાણ નામના વ્યક્તિની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યાં કરી હતી, જે મામલે ઘોઘારોડ પોલીસે એક સગીર સહીત ચાર ઈસમોની ધરપકડ કરી હતી, જે પૈકીના ત્રણ ઈસમોને લઈને ઘોઘારોડ પોલીસ સ્થળ પર પહોંચી હત્યાંની ઘટના અંગે રિકન્ટ્રકશન કરાવ્યું હતુ.

## પેરા લીગલ વોલ્યન્ટીયર્સ તરીકે સેવા આપવા અરજી કરી શકાશે

ભાવનગર,તા.૧૩

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભાવનગર દ્વારા સમાજના જરૂરીયાતમંદ લોકોને વિના મુલ્યે કાનૂની સહાય તથા સલાહ મળી રહે તે હેતુસર પેરા લીગલ વોલ્યન્ટીયર્સ તરીકેની સેવા પૂરી પાડવા ભાવનગર જિલ્લામાં તથા તાબાના તમામ તાલુકામાં પેરા લીગલ વોલ્યન્ટીયર્સની નિમણુંક કરવાની હોય જેમા નિવૃત સરકારી કર્મચારીઓ, નિવૃત શિક્ષકો, ડોકટર્સ તથા નોન પોલીટીકલ એન.જી.ઓ. ના સભ્યો સ્વૈચ્છાએ રસ ધરાવતા હોય તેઓએ જરૂરી ફોર્મ તથા વિગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડીસ્ટ્રીકટ કોર્ટ ભાવનગર ખાતેથી તા. ૨૩/૦૧/૨૦૨૬ સુધીમાં મેળવી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં જમા કરાવવા. તેમજ પેરા લીગલ વોલ્યન્ટીયર્સની નિમણુકની વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભાવનગર તથા? ભાવનગરના તમામ તાલુકામાં 'તાલુકા કાનૂની સેવા સમિતી' નો સંપર્ક કરવાનો રહેશે,તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભાવનગરના સચિવ ડી.બી.તિવારીએ જણાવ્યું છે.

## ઉત્તરાયણ પ્રસંગે કોર્પોરેશન સંચાલિત ગૌ શાળામાં દાન પુણ્ય કરવા અપીલ

### શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલી ગૌશાળામાં દાન પુણ્ય સ્વીકારાશે

ભાવનગર,તા.૧૩

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રસ્તા પર રખડતી અને બિન-વારસી ગાયોને પકડીને તેમનો ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ગૌશાળામાં નિભાવ કરવામાં આવે છે. મકરસંક્રાંતિના પાવન પર્વ દરમ્યાન ગૌ માતાને ચારો ખવડાવીને પુણ્ય મેળવવાનું ધાર્મિક મહત્વ છે. ત્યારે કોર્પોરેશન સંચાલિત ગૌશાળામાં દાન પુણ્ય કરવા અપીલ કરાઈ છે. ઉત્તરાયણના પવિત્ર તહેવારના દિવસે મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં દાન તથા ચારો સ્વીકારવામાં આવશે.

શહેરમાં ચિત્રા માર્કેટિંગ યાર્ડ સામે, અખિલેશ સર્કલ, બાલા હનુમાન મંદિર પાસે અને કુંભારવાડા ખાતે ૪ ગૌશાળા આવેલ છે જે મહાનગરપાલિકા દ્વારા સંચાલિત છે. તો શહેરના તમામ નાગરિકને આ મકરસંક્રાંતિના પવિત્ર તહેવારના અવસરે મહાનગરપાલિકાની ગૌશાળામાં રહેલ આ બિનવારસી ગાયોને ચારો તથા દાન કરીને ગૌમાતાની સેવા સાથે પુણ્ય મેળવવા અને ભાવનગર શહેરને સ્વચ્છ રાખવા માટે મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

## તળાજામાં ચાઈનીઝ દોરીના ૬ રીલ સાથે શખ્સ ઝબ્બે

ભાવનગર,તા.૧૩

તળાજા પોલીસે ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા એક ઈસમને ઝડપી લઈ આરોપી પાસેથી કુલ ૬ રીલ ચાઈનીઝ દોરી જપ્ત કરી હતી.તળાજા પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.બી. ગોહિલની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે તળાજા ટાઉન વિસ્તારમાંથી આ શખ્સને પકડવામાં આવ્યો હતો.જપ્ત કરાયેલી ચાઈનીઝ દોરીના ૬ રીલની અંદાજિત કિંમત ૨૪૦૦ રૂપિયા આંકવામાં આવી છે. પકડાયેલા આરોપીનું નામ અકિલભાઈ નાગરિયા છે, જે કુરિયરનો ધંધો કરે છે અને સરતાનપર રોડ, એ-વન પાર્ક સામે, તળાજા, જિ. ભાવનગરનો રહેવાસી છે. આરોપી વિરુદ્ધ જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પોલીસ પર હુમલો અને ફરજ રૂકાવટ કરનાર બે ભાઈઓની ધરપકડ

### વરતેજમાં ટ્રાફિક નિયમન દરમિયાન બની હતી ઘટના





ભાવનગર,તા.૧૩

ભાવનગરના વરતેજમાં ટ્રાફિક નિયમન કરી રહેલા પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવા બદલ બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. શુક્રવારે સવારે રંગોલી ચોકડી નજીક પોલીસ પાર હુમલો અને ફરજમાં રુકાવટ કર્યાની ઘટના સામે આવી હતી.

શુક્રવારે સવારે વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રંગોલી પુલ પાસે ASI રાજેન્દ્રસિંહ નટુભા ગોહિલ, હોમગાર્ડ અને જી.આર.ડી.ના સભ્યો ટ્રાફિક નિયમનની ફરજ બજાવી રહ્યા હતા. તે સમયે કારમાં આવેલા ઉત્સવભાઈ યોગેશભાઈ દવે અને ઉત્કર્ષભાઈ યોગેશભાઈ દવેએ પોલીસ સ્ટાફ સાથે માથાકૂટ કરી અસભ્ય વર્તન કર્યું હતું.આ ઘટના બાદ ASI રાજેન્દ્રસિંહ નટુભા ગોહિલે વરતેજ પોલીસ મથકમાં બંને વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ઉત્સવભાઈ દવે અને ઉત્કર્ષભાઈ દવે બંનેને ઝડપી પાડ્યા છે અને કાર પણ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## માર્કેટીંગ યાર્ડ બહાર રિક્ષામાં બેસાડી ખેડૂતો સાથે કરાતી તફડંચીથી સાવધ રહેવા તાકીદ

### ખેડૂતોના ખીચામાંથી એમની મહેનતના પૈસાની તફડંચી કરી લેતી ગેંગ થઈ છે એક્ટિવઃ વેપારી એસો. પ્રમુખ નરેન્દ્રસિંહ

ભાવનગર,તા.૧૩

ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં પોતાનો માલ વેચ્યા બાદ ખેડૂતો રિક્ષામાં જતા હોય ત્યારે ખેડૂતો સાથે રીક્ષા ચાલક અને તેમના સાથીદારો દ્વારા ખેડૂતોના કમાણીની રકમ તફડાવતા હોવાના બનાવો બની રહ્યા છે. આવા કિસ્સાઓમાં ખેડૂતોએ સાવધાન રહેવા વેપારી એસો.ના પ્રમુખ દ્વારા તાકીદ કરવામાં આવી છે.

હાલમાં ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી વેચવા આવતા ખેડૂતને માલ વેચાણ થયા બાદ બિલ લઈને બહાર નીકળતી વખતે રિક્ષામાં બેઠા પછી રિક્ષામાં ખેડૂતને બેસાડીને પેસેન્જરના રૂપમાં બીજા બે માણસો સાથે બેઠેલા હોય છે અને વચ્ચે ખેડૂતને બેસાડી સાઉન્ડ સિસ્ટમ ફૂલ રાખી ખેડૂતોના ખીચામાંથી એમની મહેનતના પૈસાની તફડંચી કરી લેતી ગેંગ એક્ટિવ થઈ છે. જેમાં એક કેસમાં પોલીસ દ્વારા કામગીરી કરી અને એમને પરત પણ અપાવ્યા છે.

હમણાં જ ત્રણ ખેડૂત સાથે આવા બનાવો બનવા પામ્યા છે. માટે દરેક ખેડૂત ભાઈઓને રિક્ષામાં એક વ્યક્તિ બેઠેલા હોય છે તે ખેડૂત બેઠા પછી બીજા એક વ્યક્તિ પેસેન્જરના રૂપમાં બેસે છે આવું ઘણા સમયથી આ રૂટમાં ચાલતા રિક્ષાવાળાઓ દ્વારા ખેડૂતો સાથે ઠગાઈ કરે છે માટે કોઈપણ રિક્ષામાં બેસો ત્યારે કમાણી સાચવીને રાખવા માર્કેટિંગ યાર્ડ વેપારી એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા ખેડૂતોને જણાવ્યું છે. ખેડૂતોને પણ રીક્ષા ખાલી હોય તેમાંજ બેસવું અને રસ્તામાંથી કોઈને બેસાડવા ના દેવા જેથી આવી ઠગાઈ કે તફડંચીથી બચી શકાય તેમ પણ જણાવ્યું છે.

## ઈશ્વરિયા શાળામાં બાળકોની કરાઈ આરોગ્ય તપાસણી



**ઈશ્વરિયા ગામમાં સિહોર તાલુકા આરોગ્ય કચેરી અંતર્ગત સણોસરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા શાળાનાં બાળકોની આરોગ્ય તપાસણી થઈ. ઈશ્વરિયા પ્રાથમિક શાળામાં બાળકોની ઉંચાઈ અને તંદુરસ્તી અંગે તપાસ થઈ. સ્વાસ્થ્ય સંબંધી વર્તણૂક અને ટેવો અંગે તેમજ પોષણ માર્ગદર્શન અપાયું. શિક્ષક ગણના સંકલન સાથે તબીબી અધિકારીઓ મહેશભાઈ પડાયા તથા આરતીબેન બસિયા અને મીનાઝબેન મલકાણી દ્વારા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.**

## ભાવનગર આર-સેટી ખાતે બેંક મિત્ર માટે તાલીમનો પ્રારંભ

ભાવનગર,તા.૧૩

ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકજયશ્રીબેન જરુના માર્ગદર્શન હેઠળ આર-સેટી, ભાવનગર ખાતે તા. ૫ જાન્યુઆરીથી આઠ દિવસીય "બેંક મિત્ર" તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકાના કુલ ૨૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓને બેંક મિત્ર તરીકેની કામગીરી, બેંકિંગ સેવાઓ, સખી મંડળ તથા સખી મંડળ સાથે સંકળાયેલી બેંક સંબંધિત પ્રક્રિયાઓ, ખાતા ખોલવાની પ્રક્રિયા, લોન માર્ગદર્શન, ડિજિટલ ટ્રાન્ઝેક્શન, સરકારી યોજનાઓ સાથે સંકળાયેલ સેવાઓ સહિતના તમામ પાસાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## અન્ડર ૧૬ વોલીબોલમાં કે એલ ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ સ્કુલના બાળકોએ મેળવ્યો બ્રોન્ઝ મેડલ

ભાવનગર,તા.૧૩

તા.૯ થી ૧૧.૧ દરમ્યાન હિંમતનગર ખાતે ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ફોર ધ ડેફ દ્વારા રાજ્યકક્ષાની ૧૪મો ઓલ ગુજરાત વોલીબોલ ચેમ્પિયનશીપનું ઉંમર પ્રમાણે અલગ અલગ ગૃપનું આયોજન થયું હતું એમાં ભાવનગર સ્થિત શાહ કે એલ ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ સ્કુલના અંડર ૧૬ વર્ષ ભાઈઓની ટીમે તૃતિય સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે

આ સિદ્ધિ બદલ ટીમ ખેલાડી શિરોયા ઝલક વાઘેલા સોહમ, જાફરના દિવ્યરાજ, હડિયા દિપક, ભુવા જયેશ, જગરણા યશ અને તેમના રમત શિક્ષક અને કોચ હિતેશભાઈ



વ્યાસ, સંદીપભાઈ ગોસ્વામી સાથે જનાર શિક્ષિકા જ્યોતિબેનને સફળતા બદલ પ્રમુખ ગીરીશભાઈ શાહ, ડો અશ્વિનભાઈ પંડ્યા, અમિતભાઇ શાહ, જીતુભાઇ શાહ, આચાર્ય શૈલેષભાઇ દવે, પ્રાણશંકરભાઈ જાની અને સમગ્ર શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવેલ.

# સામાજીક સંસ્થાઓ, જીવદયા પ્રેમીઓ અને વન વિભાગ દ્વારા ચલાવાશે કરુણા અભિયાન

### ઉતરાયણમાં પતંગની કાતિલ દોરીથી ઈજાગ્રસ્ત પક્ષીઓના બચાવ માટે જીવદયા રક્ષકો તત્પર

ભાવનગર,તા.૧૩

ઉત્તરાયણ પર્વ નજીક આવી રહ્યું છે. પતંગોત્સવના આ આનંદમય દિવસોમાં મોટાભાગે સૌ કોઈ પતંગ ઉડાડવામાં મસ્ત છે, પરંતુ આ દરમ્યાન પતંગની દોરીથી અનેક નિર્દોષ અને માસૂમ પક્ષીઓ ઘાયલ બની જાય છે. આવા પક્ષીઓને બચાવવા માટે કેટલાક સંવેદનશીલ ભાઈ-બહેનો માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી જીવદયા રક્ષક બની સેવા માટે તત્પર છે. ભાવનગર શહેર જિલ્લામાં સામાજીક સંસ્થાઓ, જીવદયા પ્રેમીઓ અને વન વિભાગ દ્વારા સયુંકત રીતે કરુણા અભિયાન હાથ ધરાયુ છે. જાય માળનાથ સેવા ગ્રુપ, પ્રેરણા ફાઉન્ડેશન સંચાલિત જીવદયા હોસ્પિટલ અગિયાળી તથા ભાવનગર જિલ્લા વન વિભાગ (ગુજરાત સરકાર) ના માર્ગદર્શન અને સહયોગથી ઉત્તરાયણ દરમ્યાન ઈજાગ્રસ્ત પક્ષીઓને તાત્કાલિક સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત અનેક નામી અનામી લોલો જીવદયાના આકાર્યમાં જોડાયા છે. આ હેતુસર ડૉક્ટર અને પ્રશિક્ષિત સ્ટાફ સાથે ચાર હેલ્પલાઈન વાન સતત ફરતી રહેશે. કોઈ પણ વ્યક્તિને જો પતંગની દોરીથી ઘાયલ થયેલ પક્ષી નજરે પડે તો તે ફોન દ્વારા મદદ મેળવી શકશે અને પક્ષીના જીવ બચાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે.ઉત્તરાયણના ઉત્સવમાં આનંદ સાથે સંવેદના રાખી, નિર્દોષ પક્ષીઓના જીવનની રક્ષા કરીએ એ જ સાચી ઉજવણી છે.

### પક્ષી વિહાર સમયે પતંગ ન ઉડાડવા માળનાથ ગ્રુપની અપીલ

ભાવનગર માળનાથ ગ્રુપ દવારા જનતાને અપીલ કરાઈ છે કે ઉતરાયણના દિવસે સવારે ૬થી ૯ વાગ્યા સુધી તેમજ સાંજે ૫ વાગ્યા પછી પતંગ ન ચગાવવા. કારણ કે, આ સમય દરમ્યાન પક્ષીઓ ચણ માટે વિહાર કરતા હોય છે. પતંગના ચાઈના - ઘાતક દોરા પક્ષીને ઘાયલ કરવા તેમજ મારી નાખવા જેટલા જવાબદાર છે, દર વર્ષે પતંગના કારણે હજારો પક્ષીઓ ઘાયલ થાય છે અને પ્રાણ પંખેરૂ ઉડી જાય છે. ત્યાર આ બાબતે જાગૃતિ જરૂરી છે. માળનાથ ગ્રુપ ભાવનગર છે છેલ્લા ઘણા વર્ષોથી પક્ષી બચાવો અભિયાન ચલાવે છે, જેમાં ઘાયલ પક્ષીની સારવાર માટે હરિભાઈ શાહ (પક્ષી પ્રેમી) તેમજ ઉતરાયણ દિવસથી જયાં ત્યાં લટકતા પતંગના દોરા એકઠા કરી તેનો નાશ કરે છે, ગયા વર્ષે ૬૦ કિલો દોરાઓ ગ્રુપ દવારા એકઠા કરી તેનો નાશ કરવામાં આવેલ હતો. ઉતરાયણ પુરી થયા બાદ આ લટકતા દોરાઓને દુર કરી તેનો નાશ કરવો જરૂરી છે.

### પક્ષીઓ બચાવ માટે માળનાથ સેવા ગ્રુપના કાર્યકર્તાઓના નંબર



૯૯૭૪૧૪૬૧૫૦,
૯૮૨૫૧૧૯૭૯૭,
૯૭૨૬૧૧૮૫૨૭,
૯૬૦૧૧૨૧૨૦૦,
૭૩૮૩૭૪૫૮૯૪,
૭૨૦૩૯૩૨૮૧૫

### પ્રેરણા ફાઉન્ડેશન હેલ્પલાઈન

| | |
|---|---|
| 63563 71000 | |
| વનવિભાગ 1926, 8320002000 | |
| **ભાવનગર શહેર** | |
| અખિલેશ સર્કલ | 8780892068 |
| અખિલેશ સર્કલ | 8128372607 |
| સુભાષનગર | 9824535447 |
| રાણીકા | 9825119797 |
| વિજયરાજનગર | 9537092566 |
| નવાપરા | 7203932815 |
| નવાપરા | 9974146150 |
| ડોનચોક | 9825596464 |
| કુંભારવાડા | 9033846554 |
| ચૌદનાળા | 9773237826 |
| ચિત્રા-ફુલસર | 7203863653 |
| મેઘાણી સર્કલ | 99988 46789 |
| કુંભારવાડા | 7861951515 |
| કુંભારવાડા | 9726118527 |
| મંત્રેશ રિંગ રોડ | 7359323294 |

# અભયમ ૧૮૧ દ્વારા એક વર્ષમા જિલ્લામાં ૭ હજારથી વધુ પીડીત મહિલાઓને મદદ મળી

### મહિલા સલામતી, શાંતિ અને પારીવારીક, સામાજીક એકતા અને સુલેહ માટે અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનનું પ્રશંસનીય કાર્ય

ભાવનગર,તા.૧૩

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ અને ગૃહ વિભાગ દ્વારા અને ઇ.એમ.આર.આઇ ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા કાર્યાન્વિત અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇન ગુજરાતની પીડીત મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે મહિલાઓના શારિરીક, માનસિક, જાતીય સતામણી કે ઘરેલુ હિંસા સહિતની હેરાનગતિમાં અસરકારક કાઉન્સિલિંગ, સરકારની એજન્સીઓ સાથે સંકલન કરી મદદ, માર્ગદર્શન અને બચાવ કરેલ છે. લગ્નજીવનના વિખવાદો, પાડોશી સાથેના અણબનાવ, બિનજરૂરી કોલ મેસેજ થી હેરાનગતિ, છેડતી વગેરે કિસ્સાઓમાં મદદરૂપ બની દીન-પ્રતિદિન મહિલાઓમાં વધુ વિશ્વાસ અને પ્રતિભાવ મેળવવામાં આવી રહેલ છે જેથી આજે ગુજરાતની મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થિનીઓ અભયમ એક સાચી સહેલી તરીકે બની રહી છે.

જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં મદદ માટે ભાવનગર જીલ્લામાં ૭,૨૧૯ જેટલા જરૂરિયાતમંદ મહિલાઓના કોલ આવેલ જેમાંથી ૧૩૬૨ કિસ્સાઓમાં અભયમ રેસક્યું વાન ડિસ્પેચ, ૯૬૧ કેસોમાં સમાધાન અને ૩૫૦ મહિલાઓને બચાવ એજન્સીઓ રિફર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કસ્ટડીના ૨૬૧ કેસ, ઘરેલુ હિંસાના ૩૬૭૮ કેસ, લગ્નજીવનના વિખવાદો ૩૫૧ કેસ, જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાઓની પ્રાથમિક માહિતીના ૨૨૦ કેસ, શારીરિક, માનસીક, જાતીય હેરાનગતિના ૧૪૪૦ કેસ, પરીવાર છોડેલ ૧૩૪ કેસ, અન્ય સબંધોના ૧૧૫ કેસ, કાયદાકીય માર્ગદર્શન ૧૪૯ કોલ આવ્યાં હતાં. વર્ષ દરમિયાન જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, આશ્રય ગૃહ અને સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફથી નોંધપાત્ર સહયોગ મળી રહ્યો હતો આમ, અભયમ ટીમ દ્વારા લગ્નજીવન અને લગ્ન બહારના સબંધો, ઘરેલું હિંસા, શારીરિક માનસીક અને જાતિય સતામણી અને બીનજરૂરી કોલ મેસેજ થી હેરાન થતા મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થિનીઓના જીવનમાં આવેલ આપત્તિમા મદદ, માર્ગદર્શન અને બચાવ દ્વારા મહિલા સલામતી, શાંતિ અને પારીવારીક, સામાજીક એકતા અને સુલેહ માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું હતું.

## રેલેવે ડ્રાઈવરની સમયસરની બ્રેકથી સાવજનો જીવ બચી ગયો

ભાવનગર ,તા.૧૨

મહુવા રેલવે સ્ટેશનથી તા. ૧૦/૧ ના જતી ટ્રેન ગાડી નં. ૨૨૯૯૦ પોતાના નિયમિત પ્રવાસ દરમિયાન સાવરકુંડલા અને લીલીયા મોટા વચ્ચે પહોંચી હતી ત્યારે રાત્રિના અંદાજે ૮:૪૫થી ૮:૫૨ વાગ્યાના સમયગાળા દરમિયાન ટ્રેનના પાઈલોટને દૂરથી જ ટ્રેક ઉપર સિંહ નજરે પડતા તેમણે તરત જ આપાતકાલીન બ્રેક લગાવી ટ્રેન રોકી હતી. ટ્રેન નજીક આવતી જોઈ સિંહ ટ્રેક પરથી દૂર ખસી આસપાસની જાળી-ઝાખરામાં ચાલ્યો ગયો હતો.ત્યારબાદ રેલવેના કર્મચારીઓ દ્વારા ટ્રેક તેમજ આજુબાજુના વિસ્તારમાં સાવચેતીપૂર્વક તપાસ કરવામાં આવી હતી અને સિંહ હાજર ન હોવાની ખાતરી થયા બાદ ટ્રેનને ફરી આગળ ચલાવવામાં આવી હતી. પાઈલોટ અને સ્ટાફની સમયસર લેવાયેલી કાર્યવાહીથી દુર્ઘટના ટળી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## કેવલજ્ઞાન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે આધુનિક યુગની ચેતના

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે માનવ જેવી બુદ્ધિ ધરાવતા મશીનોની ટેક્નોલોજી. સરળ શબ્દોમાં કહીએ તો, કમ્પ્યુટર કે મશીનને એવી તાલીમ આપવી કે તે વિચારી શકે, શીખી શકે અને નિર્ણય લઈ શકેલ તેને છેં કહેવામાં આવે છે. જૈન ધર્મમાં કેવલ જ્ઞાન તેના મૂળમાં છે.જે ભારતીય સંસ્કૃતિનું આ સૌથી મોટું પ્રદાન છે.છેં એવી ટેક્નોલોજી છે જેમાં મશીનો ડેટા એકત્ર કરે છે, તેનો અભ્યાસ કરે છે અને અનુભવ પરથી વધુ સારાં જવાબ આપવા શીખે છે. ઉદાહરણ તરીકે, મોબાઈલમાં વોઇસ અસિસ્ટન્ટ, ગૂગલ સર્ચ, ઓનલાઇન અનુવાદ, ચહેરા ઓળખવાની સિસ્ટમ, ટ્રાફિક મેપ, હોસ્પિટલમાં રોગ નિદાન જેવી ઘણી સેવાઓ AI દ્વારા શક્ય બની છે.પ્રાચીન આગમ ગ્રંથોમાં જ્ઞાન અને અસીમ કહેવામાં આવે છે જ્ઞાનનો આધાર માનવીના અંતઃકરણ પર છે આત્માનું એક એવું પાછું છે જેને હજી સુધી આજનું વિજ્ઞાન અને ટેક્નોલોજી સમજી શક્યું નથી પરંતુ આ તમામના મૂળમાં કેવલ જ્ઞાન છે એ જ્ઞાનનું શુદ્ધ સ્વરૂપ છે વર્તમાન ડિજિટલ ટેક્નોલોજી તેનું ભૌતિક રૂપ છે.છેં માનવ માટે સહાયક સાધન છે. તે ઝડપથી કામ કરે છે, મોટી માહિતી સંભાળી શકે છે અને માનવ જીવનને સરળ બનાવે છે. પરંતુ છેં પાસે લાગણી, સંવેદના કે આત્મચેતના નથી. તે માનવ બુદ્ધિની નકલ છે, માનવતા નહીં. જ્યારે કેવલ જ્ઞાન સંવેદનશીલ છે એ આઈ ટેક્નોલોજી ભૌતિક છે અને કેવળ જ્ઞાન એનાથી ઉપર સૂક્ષ્મ સ્તર પર વ્યાપેલું છે.ભૌતિક દુનિયામાં વિજ્ઞાનની પ્રગતિ નો આધાર હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ પર આધારિત છે.જેના કારણે માનવ જીવન આજે મશીનો, એલ્ગોરિધમ અને ડેટા પર આધારિત બનતું જાય છે. AI માનવ જેવી બુદ્ધિ દર્શાવે છે, પ્રશ્નોના જવાબ આપે છે, નિર્ણય લેવામાં મદદ કરે છે અને ભવિષ્યની આગાહી પણ કરે છે. છતાં, આ બધી ક્ષમતાઓ વચ્ચે એક મૂળભૂત પ્રશ્ન ઊભો થાય છેલશું આ બુદ્ધિ માનવને વધુ સંવેદનશીલ, સંયમી અને નૈતિક બનાવી રહી છે? આ પ્રશ્નનો ઉત્તર શોધવા આપણે ભારતીય દર્શનની ઊંડાણમાં ઉતરીએ તો જૈન ધર્મનો કેવલજ્ઞાનનો સિદ્ધાંત આજે વધુ પ્રાસંગિક અને માર્ગદર્શક બને છે.કેવલજ્ઞાન એટલે આત્માની સર્વોચ્ચ અવસ્થા. આ અવસ્થા સુધી આજનું વિજ્ઞાન હજી પહોંચી શક્યું નથી.જૈન ધર્મ અનુસાર આત્મા મૂળથી જ અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત શક્તિ ધરાવે છે. પરંતુ કર્મોના પડદાથી આ શક્તિ ઢંકાઈ જાય છે. જ્યારે સાધના, સંયમ, તપ અને વૈરાગ્ય દ્વારા આત્મા તમામ ઘાતી કર્મોથી મુક્ત થાય છે, ત્યારે જે સંપૂર્ણ, નિર્મળ અને સર્વજ્ઞ જ્ઞાન પ્રગટે છે, તેને કેવલજ્ઞાન કહેવામાં આવે છે.કેવલજ્ઞાનમાં કોઈ શોધ, ગણતરી કે બાહ્ય સાધનની જરૂર નથી. તે આત્માનું સ્વયંપ્રકાશિત જ્ઞાન છે, જેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય એક સાથે સ્પષ્ટ રૂપે દેખાય છે. આ જ્ઞાન સાથે અહંકાર નહીં પરંતુ સમતા, કરુણા અને લોકકલ્યાણની ભાવના જોડાયેલી હોય છે.વર્તમાન સંજોગોમાં કેવલજ્ઞાનની ઉપયોગીતા વધતી જાય છે.આજનો માનવ જાણે છે ઘણું, પરંતુ સમજે છે ઓછું માહિતી વધે છે, પણ વિવેક ઘટે છે. AI આપણને શું કરવું તે કહી શકે છે, પરંતુ કેમ કરવું તે નથી શીખવતું. અહીં કેવલજ્ઞાનનો સિદ્ધાંત અત્યંત ઉપયોગી બને છે.કેવલજ્ઞાન આપણને આત્મસંયમ શીખવે છેલજે આજના ભોગવિલાસી અને તણાવગ્રસ્ત સમાજ માટે અત્યંત જરૂરી છે. તે આસક્તિમાંથી મુક્તિનો માર્ગ બતાવે છે, જેનાથી માનવ લોભ, ક્રોધ અને સ્પર્ધાથી ઉપર ઉઠી શકે છે. જ્યાં ટેક્નોલોજી બહારની દુનિયા બદલવા પ્રયત્ન કરે છે.

# સુવાક્ય થકી સત્સંગ થયો...

**પદ, પ્રતિષ્ઠા અને પૈસો મળ્યો પણ ઘમંડ, ઈર્ષા અને ક્રોધ ન ગયાં એવા એક માણસને હોસ્પિટલમાં જવાનું થયું ત્યારે ત્યાંની દીવાલે લખાયેલા એક સુવાક્યથી તેને સત્સંગ થયો ને એવી અસર થઈ કે તેનું હૃદય પરિવર્તન થયું, તેને સત્ય સમજાયું.**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર



ખડનો ભારો સામે જ પડયો હતો, લગભગ પચાસેક ડગલાં દૂર, લીલાછમ્મ ઘાસનો, કસીકસીને કચકાવેલો. આજ તો વહેલી સવારે ઉતાવળમાં ઘાસ થોડું વધારે વઢાઈ ગયું હતું અને ધાર્યા કરતાં ભાર વધારે થઈ ગયો હતો. રામો સામે ઊભો વિચારતો હતો. પંદરેક મિનિટથી એ મનોમન ગણગણતો હતો, કોઈક તો આ તરફ આવશે. તેનો મોટો ભાઈ દામો તો ખાસ્સો દૂર ઊભો હતો. રામાની રાહ જોઈ રહેલા એને હતું કે, સામા શેઢે, વાડ પાસે કોદાળી-પાવડા વડે નાનો ભાઈ ભલો કશુંક ખોદાણ કરતો હતો. એને ઘેર પહોંચવાની કશી જ ઉતાવળ નથી. રામાને તો ખેતરમાં પગ મુકયો ત્યારથી જ પાછા ભાગી છુટવાની ઈચ્છા થયા કરતી હતી.

આજે તે વહેલી સવારથી જ આખા શરીરે સખત થાક અનુભવતો હતો. શરીરમાંથી શક્તિ જાણે સાવ હણાઈ રહી હતી. વારેઘડીએ બેસી પડવાનું મન થતું હતું. હવે એનો થાક ધીરે ધીરે અસહ્ય થતો જતો હતો. એને થયું કે એ બૂમ પાડીને દામજીને બોલાવી, આ ભાર ઉપાડીને ઘર સુધી મેલાવી જાય. પછી ભલેને એને આવવું હોય ત્યારે પાછો વાડીએ આવે. પણ રામા માટે એ વાત કંઈ એટલી સહેલી નહોતી. બૂમ પાડવાની તો જાણે એનામાં તાકાત જ નહોતી બચી. અને પોતે જણતો હતો કે એમ કરવાનો કશો અર્થ પણ નથી. એની બૂમ સાંભળીને સામે દામો જડબાતોડ જવાબ આપવાનો હતો એનાથી પણ એ સારી પેઠે વાકેફ હતો.

એક તો ઢોર લઈને ઘેરથી નીકળતાં થોડું મોડું થયેલું તે દામો ઘેરથી નીકળ્યો ત્યારથી બળાપા કાઢ્યા કરતો હતો. એવી સ્થિતિમાં એને છંછેડીને વળી નવી આફત કયાં વહોરવી ? એમ વિચારીને એ કશુંય બોલ્યા-ચાલ્યા વગર શેઢા પર આમથી તેમ આંટા મારવા લાગ્યો.

તેની પીઠ તરફના સામા શેઢા ભણીથી અવાજ સંભળાયો. એણે આથમણી દિશા તરફ જોયું. આથમતા ચંદ્રના અજવાળામાં ચળકતું એક પંખી ઉડીને આવી રહ્યું હતું. તેણે ખાસ્સી વાર એ પંખીને જોયા કર્યું. ચંદ્ર હવે દેખાતો નહોતો. ઉગમણે સૂરજ દેખાઈ ગયો હતો અને દિશાઓ તામ્રવર્ણી થવા લાગી હતી. ખાસ્સું અજવાળું ખેતરો પર આડેધડ પથરાઈને આસપાસનાં ખેતરોની લીલીછમ મોલાતોને કેસરથી જાણે રંગી રહ્યું હતું.

પરોઢિયે ખડ વાઢીને ખડભારા ઉપાડી ખેડૂતો ઘર તરફ પાછાં ફરી ગયાં હતાં. ખાલી પડેલાં ખેતરો સામે જોતાં રામાને બપોરનો રોંઢો સાંભરી આવ્યો. નાનપણમાં એની સાથે ભણતો, આ જ ગામમાંથી સુરત ધંધાર્થે ઠરીઠામ થયેલો તેનો ભાઈબંધ -સુખો-રાત બુઢો ગામમાં આવેલો, ફોર વ્હીલ ગાડી લઈને. તેને થયું, આટલે આવું ને રામાને મળ્યા વગર જાઉં એ તો કેમ ચાલે ? સુખો ગાડી લઈને અહીં વાડીના શેઢે રામાને મળવા આવી પહોંચ્યો.

રામો જાણતો હતો કે એ કેમ આવ્યો હતો..! એમાં કંઈ એનો પ્રેમભાવ નહોતો કે નહોતો રામાને મળવાનો કોઈ ઉમંગ. આ બહુ જૂની હરીફાઈ છે, છેક ગામમાં ભણતાં ત્યારની. ભણવામાં રામો હંમેશાં પહેલા નંબરે રહેતો. અને સુખો બીજા. એને રામાની ભયંકર ઈર્ષ્યા આવતી. અને એ કલાસના બીજા છોકરાઓ આગળ એમ કહીને પોતાની હૈયા વરાળ ઠાલવતો કે, એ તો રામાના બાપા સરપંચ છે એટલે માસ્તર એને પહેલો નંબર આપે છે, બાકી એની તાકાત નથી કે મને કોઈ રીતે હંફાવી શકે.

મોટા થઈને લગ્ન થયા પછી પણ સુખાની એ આદત ગઈ નહોતી. જયારે મળતો ત્યારે પોતાનો કક્કો ખરો કરાવવાનું ભૂલતો નહીં. રામાનું નીચું દેખાય એવા પ્રયત્નો પણ એ કરતો. પોતે શહેરમાં રહે છે એટલે સુખી અને રામો ગામડામાં છે એટલે દુઃખી-એ વાતની પ્રતીતિ એની પ્રત્યેક વાતમાંથી અનુભવાતી હતી. રામાને એનું ઝાઝું માઠું લાગતું નહી. એ તો એટલો જ નિખાલસ બનીને એની સાથે વાતો કર્યા કરતો. આજે પણ એમ જ થયેલું. એની સાથે જૂની વાતો કરતાં-કરતાં દિ' કયારે માથે આવી ગયો એની ખબર જ રહી નહીં. દૂર ઊભેલો દામો તો ક્યારનોય આઘોપાછો થઈ રહ્યો હતો, એનું ભાન થતાં રામો ભીતર ને ભીતર ગભરાઈ ઊઠ્યો હતો. એની એ અકળામણ પામી જઈને સુખાએ જતાં-જતાં પોતાનો રંગ બતાવ્યો હતો. રામાને કહે,

' તું ભાઈઓનું વૈતરું કરવામાંથી સમય કાઢીને કયારેક તો સુરત આવજે...! '

' અમારે વળી એવી નવરાશ જ ક્યાં છે, સુખદેવ ! આ કામમાંથી જ ઊંચા આવતા નહીં ને..! '

' નવરાશ મળે નહીં, એ તો કાઢવી પડે, સમજયો ? મને મળવા ન અવાય તો કંઈ નહીં, પણ અમારા બંગલા, જાહોજલાલી અને કુટુંબ કબીલાની ઈજ્જત જોવા તો આવજે... !'

એટલું કહીને તે ત્યાંથી ઊઠ્યો ત્યારે રામાએ તેને વિદાય આપવા માટે તેની સાથે હાથ મિલાવ્યા.

હાથમાં હાથ લેતાં જ સુખો ખચકાયો. તાવમાં હમહમતો હાથ ઝાલીને તેણે રામાને ગાડીમાં બેસાડી દીધો અને ખડનો ભારેખમ ભારો પોતે ઊંચકીને ગાડી માથે ચડાવી દીધો. તેણે રામાને બેસાડીને ગાડી મારી મૂકી.

ગામમાં રામાના ઘેર ખડનો મારો ઉતાર્યો પણ રામાને ઉતરવા ન દીધો. તાલુકા મથકે હોસ્પિટલમાં લઈ જઈને રિપોર્ટ કરાવ્યા ત્યારે રામો ડેન્ગ્યુનો ભોગ બન્યાનું જાણવા મળ્યું. હોસ્પિટલમાં તેને દાખલ કરી સુખો ગામડેથી રામાના પરિવારને તેડી લાવ્યો. ત્રણેક દિવસ રામાની સેવા ચાકરી કરવા માટે તેણે પોતે હોસ્પિટલમાં જ ધામા નાખી તન, મન અને ધનથી એવી કાળજી લીધી તે રામો સાજો થયો. આ ત્રણેય દિવસ દરમિયાન સુખાએ હોસ્પિટલની દીવાલે લખાયેલું સુવાક્ય વારંવાર વાંચ્યું, ' ઘમંડીનો કોઈ ઈશ્વર નથી, ઈર્ષ્યાળુનો કોઈ પાડોશી નથી અને ક્રોધીનો કોઈ મિત્ર નથી હોતો.' આનાથી તેને એવું આતમજ્ઞાન થયું તે પોતે પદ અને પૈસાનું ઘમંડ ખંખેરી નાખ્યું. ઈર્ષ્યાનું ઝેર ઓકી નાખ્યું અને ક્રોધને અળગો કરી દીધો. એક સુવાક્યથી સુખાનું હૃદય પરિવર્તન થયું. કારણકે હોસ્પિટલની દીવાલે લખાયેલા એ સુવાક્યથી સુખાને સત્સંગ થયો.

# આ મંદિરમાં ઘી કે તેલ નહીં પણ પાણીથી દીવા પ્રગટે છે!

વિશેષ

દિવાળીમાં આજકાલ ઈલેક્ટ્રિક દીવાઓ બહુ વપરાય છે. તેમાં એવા દીવાઓ પણ મળે છે, જે પાણી નાખવાથી પ્રગટી ઉઠે! ખેર તેની ટેક્નોલોજી તો આપણને ખબર છે. તેમાં બેટરી પણ વપરાય છે, તે આપણે જાણીએ છીએ. ફિલ્મનું પેલું ગીત યાદ છે? 'દીપાવલી મનાયે સુહાની, મેરે સાંઇ કે હાથોંમેં જાદુ કા પાની.' આ ગીત શિર્ડીના સાઈબાબા માટે લખાયું છે. કહેવાય છે કે તેમના જીવનમાં એક પ્રસંગે તેમણે પાણીથી દિપક પ્રગટાવ્યા હતા. પણ એક મંદિર એવું છે જ્યાં નિયમિત રીતે પાણીથી દિપક પ્રગટે છે. એટલું જ નહીં, એ પાણી પણ એક વિશિષ્ટ નદીનું જ હોય છે, અન્ય પાણીથી દિવા પ્રગટતા નથી. અને હા, એ દીવામાં કોઈ બેટરી લાગેલી નથી હોતી!

આ અશક્ય લાગે તેવી હકીકત મધ્ય પ્રદેશમાં બને છે. આ મંદિર કાલી સિંધ નદીના કિનારે, આગર-માલવાના નલખેડા ગામથી લગભગ ૧૫ કિમી દૂર, ગડિયા ગામ પાસે આવેલું છે. નલખેડા સ્વયં એક અતિ પ્રસિદ્ધ યાત્રાધામ છે. કારણકે નલખેડામાં દસ મહાવિદ્યાઓમાંથી અષ્ટમ, માતા બગલામુખીનું મંદિર આવેલું છે. પણ આપણે અત્યારે વાત કરવી છે ગડિયા ગામે આવેલા મા ભાવનીના મંદિરની. આ મંદિર ગડિયાઘાટ વાલી માતાજીના નામથી પ્રખ્યાત છે.

આ મંદિર ઘણું પુરાતન છે. ત્યાં નિયમિત જ્યોત પ્રજવલિત રહે છે. પણ પૂજારીના કહેવા મુજબ આજથી લગભગ ૧૦-૧૨ વર્ષ પહેલા તેને સ્વપ્નમાં દેવીએ દર્શન આપીને કહ્યું કે પાણીથી દિપક પ્રગટાવ. પૂજારી જેની પૂજા નિયમિત મંદિરમાં કરતા હતા તે દેવી સ્વયં સ્વપ્નમાં આવ્યા એટલે તેણે ખાતરી કરવા એક દીવો પ્રગટાવવાનું નક્કી કર્યું. જોકે, તેના મનમાં આશંકા હતી કે આ સ્વપ્ન જ હતું કે ભ્રમ? એટલે તેણે કોઈને તેના વિશે જાણ કરી નહોતી.

બીજે દિવસે સવારે મંદિર પાસે વહેતી કાલી સિંધ નદીનું પાણી તેણે દીપકમાં પૂર્યું અને રૂની વાટ પણ મૂકી. ત્યારબાદ જેવી સળગતી માચીસની કાંડી દીવામાં રાખેલી રૂની વાટ નજીક લાવ્યા કે અહોઆશ્ચર્યમ! દીવો પ્રજ્વલિત થઈ ગયો!! પૂજારી આ જોઈને ગભરાઈ ગયા. કોઈ આ ઘટનાને અંધશ્રદ્ધા કે તુત કહીને નકારી કાઢશે





એ ભયે બે મહિના સુધી કોઈને આ વાતની જાણ કરી નહીં. પણ દેવીએ સ્વપ્નમાં આપેલી આજ્ઞા મુજબ પાણીથી રોજ દીવો પ્રગટાવતા રહ્યા. એ પણ નિશ્ચિત હતું કે જળ માત્ર કાલી સિંધ નદીનું જ વાપરતા હતા. કેમકે એ જ જળ દેવીની નિયમિત પૂજાવિધિમાં પણ ઉપયોગમાં લેવાતું હતું.

બે મહિના પછી તેમણે ગામના કેટલાક આગેવાનોને સ્વપ્નની વાત કરી. સ્વાભાવિક રીતે કોઈએ તેમની વાત ઉપર વિશ્વાસ ન કર્યો. પૂજારીએ તેમને ખાતરી કરવા વિનંતી કરી. એટલે આગેવાનોએ પણ એક દીવામાં ઘી કે તેલને બદલે નદીનું પાણી પૂર્યું અને બધાના આશ્ચર્ય વચ્ચે ખરેખર દીવો પ્રજવલિત થયો! પછી તો વાત શું કરવી? આખા ગામમાં આ ચમત્કારની વાત ફેલાઈ ગઈ. ત્યારથી લઈને આજ સુધી આ મંદિરમાં ઘી કે તેલને બદલે માત્ર પાણીથી દીવો પ્રગટાવવામાં આવે છે.

હવે આવે છે બીજો ચમત્કાર. પાણીથી દીવો પ્રગટે છે એ તો સાબિત થયું. સાથે બીજી મહત્ત્વપૂર્ણ વાત એ હતી કે પાણી માત્ર કાલી સિંધ નદીનું હોય તો જ દીવો પ્રગટતો હતો. નળમાંથી લઈને કે અન્ય સ્રોતથી પાણી લાવીને દીવો પ્રગટાવવાની કોશિશ નિષ્ફળ જતી હતી. એવું કહેવાય છે કે જ્યારે દીવામાં પાણી રેડવામાં આવે છે, ત્યારે તે ચીકણું પ્રવાહી બની જાય છે અને દીવો પ્રગટે છે.આ મંદિર કાલી સિંધ નદીના પટને અડીને જ આવેલું છે. ચોમાસાની ઋતુમાં અહીં પાણીનું જળસ્તર એટલું વધી જાય છે કે દેવીનું મંદિર પાણી નીચે ગરકાવ થઈ જાય છે. તેથી દર્શન-પૂજન બંધ થઈ જાય છે. જોકે, શારદીય નવરાત્રીના પહેલા દિવસે એટલે કે ઘટસ્થાપનાના દિવસે, દીવો ફરીથી પ્રગટાવવામાં આવે છે, ખરેખર કેટલીક ઘટનાઓ આપણા તર્ક અને સમજની બહારની હોય છે.

# મકરસંક્રાંતિ એટલે પતંગોત્સવ અને દાનપુણ્યનો પવિત્ર દિવસ

ભારતીય સંસ્કૃતિ પર્વો અને તહેવારોની ધરોહર છે. દરેક તહેવાર માનવજીવનને કોઈ ને કોઈ સંદેશ આપે છે—ક્યારેક સંયમનો, ક્યારેક ઉત્સાહનો અને ક્યારેક પરોપકારનો. આવા જ તહેવારોમાં

**મકરસંક્રાંતિ એ દિવસ છે જ્યારે સૂર્ય ભગવાન મકર રાશિમાં પ્રવેશ કરે છે અને દક્ષિણાયનમાંથી ઉત્તરાયણ તરફ ગતિ કરે છે.**

મકરસંક્રાંતિનું સ્થાન વિશેષ અને અનોખું છે. આ તહેવાર પ્રકૃતિ, ખગોળવિજ્ઞાન, લોકસંસ્કૃતિ અને માનવમૂલ્યોને એકસાથે જોડે છે. મકરસંક્રાંતિ માત્ર પતંગ ઉડાવવાનો આનંદમય દિવસ નથી, પરંતુ તે દાન, પુણ્ય અને માનવતા પ્રત્યેની જવાબદારીનું સ્મરણ કરાવતો પવિત્ર પર્વ છે.

મકરસંક્રાંતિ એ દિવસ છે જ્યારે સૂર્ય ભગવાન મકર રાશિમાં પ્રવેશ કરે છે અને દક્ષિણાયનમાંથી ઉત્તરાયણ તરફ ગતિ કરે છે. સૂર્યના ઉત્તરાયણને ભારતીય પરંપરામાં શુભ સમયનો આરંભ માનવામાં આવે છે. આ દિવસથી દિવસો લાંબા અને રાત્રિઓ ટૂંકી થવા લાગે છે. પ્રકૃતિમાં નવજીવનનો સંચાર થાય છે અને શિયાળાની કઠિનતા ધીમે ધીમે ઓછી થવા લાગે છે. તેથી મકરસંક્રાંતિને આશા, ઉર્જા અને સકારાત્મકતાનું પ્રતીક માનવામાં આવે છે.

સૂર્ય જીવનનો દાતા છે સૂર્યના પ્રકાશ થકી નવ ગ્રહ પર તેના અજવાળા પથરાઈ છે સૂર્ય જ્યારે તેનું સ્થાન બદલે છે. અને દક્ષિણમાંથી ઉત્તર તરફ ગતિ કરે છે ત્યારે તેની અસર પૃથ્વીના ઋતુચક્ર પર પડે છે અને આ ઋતુચક્રમાં ફેરફારો થાય છે એ માનવ જીવન અને સમગ્ર સૃષ્ટિ પર સકારાત્મક અસર પાડે છે શીતળતા ઓછી થાય છે રાત દિવસના ચક્રમાં પણ ફેરફારો થાય છે આના કારણે પૃથ્વીના પર્યાવરણમાં પણ મોટા ફેરફારો થાય છે અને આને કારણે મકરસંક્રાંતિ ને એક તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.ભારતના વિવિધ પ્રદેશોમાં મકરસંક્રાંતિ જુદા જુદા નામે અને પરંપરાઓ સાથે ઉજવાય છે. ગુજરાતમાં આ તહેવાર પતંગોત્સવ તરીકે વિશેષ લોકપ્રિય છે. વહેલી સવારથી જ ઘરોની છતોએ લોકો ભેગા થાય છે, રંગબેરંગી પતંગો આકાશમાં ઉડાડે છે અને “કાઈ પો છે”ના નાદથી આખું આકાશ ગુંજી ઊઠે છે. આ પતંગોત્સવ માત્ર રમત નથી, પરંતુ તેમાં ઉત્સાહ, સ્પર્ધા, એકતા અને આનંદનો સુમેળ જોવા મળે છે. પરિવારજનો, મિત્રો અને પડોશીઓ સાથે મળીને ઉજવાતો આ તહેવાર સામાજિક સબંધોને મજબૂત બનાવે છે.

પતંગ આકાશમાં ઉડતો દેખાય છે ત્યારે એવું લાગે છે કે માનવજીવન પણ બંધનો તોડી ઉંચાઈ તરફ પ્રયાણ કરી રહ્યું છે. પતંગ ઉડાવવાનો અર્થ માત્ર મનોરંજન નથી, પરંતુ આત્મવિશ્વાસ, સંતુલન અને ધીરજનો પાઠ પણ છે. જેમ પતંગ દોરીના સહારે આકાશમાં ટકીને રહે છે, તેમ માનવજીવન પણ સંયમ અને સંસ્કારના સહારે ઉન્નતિ પામે છે.મકરસંક્રાંતિ અપ્રત્યક્ષ રીતે

જીવનમાં સજાગ રહેવાનો પણ સંદેશો આપે છે જો ઢીલ મૂકશો અથવા ઢીલાશ રાખશો તો તો સામે વાળો તમારો પતંગ કાપી નાખશે આનો અર્થ એવો થાય કે ફરજ માં જરા પણ બેદરકારી રાખશો તો આ દુનિયાના સ્પર્ધાત્મક યુગમાં તમારૂ પત્તુ કપાઈ જશે. આજનું કામ આવતી કાલ પર મુલતવી રાખશો તો કામનો ઢગલો વધતો જશે અને તમે તેને પહોંચી નહીં વળો. માટે પોતાની ફરજમાં કે પોતાના કરવાના કામમાં જરા પણ ઢીલ મૂકશો નહીં નહીં તો આજના ઝડપી યુગમાં તમે પાછળ રહી જશો.મકરસંક્રાંતિનું બીજું અને અત્યંત મહત્વનું પાસું છે દાનપુણ્ય. શાસ્ત્રોમાં આ દિવસને દાન માટે વિશેષ ફળદાયક માનવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે મકરસંક્રાંતિના દિવસે કરેલું દાન અનેક ગણું પુણ્ય આપે છે. તેથી લોકો અન્નદાન, વસ્ત્રદાન, તિલ-ગોળનું દાન, ગરમ કપડાં અને કમ્બલનું વિતરણ કરે છે. ખાસ કરીને ગરીબો, વૃદ્ધો અને જરૂરિયાતમંદોની સેવા કરવી

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

એ આ દિવસની મુખ્ય ભાવના છે.

તિલ અને ગોળનું વિશેષ મહત્ત્વ મકરસંક્રાંતિ સાથે જોડાયેલું છે. તિલમાં ઊર્જા અને ગોળમાં મીઠાશ છે. “તિલ ગોળ લો અને મીઠું મીઠું બોલો” એવો સંદેશ સમાજમાં સૌહાર્દ, પ્રેમ અને મીઠાશ જાળવવાની પ્રેરણા આપે છે. આ પરંપરા માત્ર ખાવાની નથી, પરંતુ મનમાંથી કડવાશ દૂર કરીને સંબંધોમાં મીઠાશ લાવવાની શીખ આપે છે.મકરસંક્રાંતિનું દાન માત્ર ધાર્મિક કર્મ નથી, પરંતુ સામાજિક ફરજ પણ છે. આ દિવસે કરેલું દાન માનવમાં સંવેદનશીલતા જગાવે છે. પોતાની ખુશી સાથે બીજાના દુઃખ દૂર કરવાનો પ્રયાસ કરવો એ જ સાચું પુણ્ય છે. પતંગોત્સવની મોજમાં પણ જો આપણે આસપાસના જરૂરિયાતમંદોને યાદ કરીએ, તો આ તહેવારનું સાચું મહાત્મ્ય ઉજાગર થાય છે.

આ તહેવાર આપણને સંદેશ આપે છે કે ઉત્સવ અને ઉદારતા સાથે સાથે ચાલે. ફક્ત આનંદ માણવો પૂરતો નથી, પરંતુ સમાજ પ્રત્યે આપણી જવાબદારી પણ સમજવી જરૂરી છે. મકરસંક્રાંતિના દિવસે કરેલી નાની મદદ પણ કોઈના જીવનમાં મોટી રાહત બની શકે છે. તેથી આ દિવસ માનવતા, સહકાર અને પરોપકારની



ભાવનાને મજબૂત કરે છે.આજના આધુનિક સમયમાં પણ મકરસંક્રાંતિનું મહત્ત્વ ઓછું થયું નથી. ટેક્નોલોજી અને વ્યસ્ત જીવન વચ્ચે પણ આ તહેવાર આપણને પ્રકૃતિ સાથે જોડે છે. આકાશ, સૂર્ય, પવન અને ધરતી—આ ચારેય તત્વોની હાજરી મકરસંક્રાંતિમાં અનુભવાય છે. પતંગ ઉડાવતાં આપણે ખુલ્લા આકાશ સાથે જોડાઈએ છીએ અને દાન કરતા માનવતાની ધરતી સાથે.

અંતે એવું કહી શકાય કે મકરસંક્રાંતિ એ આનંદ અને આત્મશુદ્ધિનો સંગમ છે. પતંગોત્સવ દ્વારા જીવનમાં ઉત્સાહ અને રંગ ભરે છે, તો દાનપુણ્ય દ્વારા આત્માને સંતોષ અને શાંતિ આપે છે. આ તહેવાર આપણને શીખવે છે કે ઉંચાઈ સુધી પહોંચવું જેટલું મહત્વનું છે, એટલું જ મહત્વનું છે જમીન સાથે જોડાયેલા રહેવું. મકરસંક્રાંતિના આ પવિત્ર દિવસે જો આપણે આનંદ સાથે પરોપકારને પણ જીવનમાં સ્થાન આપીએ, તો આ પર્વનું સાચું સાર્થક્ય સિદ્ધ થાય છે.

# વિરાટ કોહલીએ ૭૧ મી વખત સિદ્ધિ હાંસલ કરી, હવે તે સચિન તેંડુલકરના વિશ્વ રેકોર્ડથી માત્ર ૫ પગલાં દૂર



મુંબઈ,

વિરાટ વિરુદ્ધ સચિન રેકોર્ડ: વડોદરામાં રમાયેલી ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વનડેમાં વિરાટ કોહલી ભારતનો વિજયી હીરો હતો. ૩૦૧ રનના લક્ષ્યનો પીછો કરતા, કોહલી ફક્ત ૭ રનથી સદી ચૂકી ગયો. જોકે, તેણે ૯૩ રનની શાનદાર ઈનિંગ સાથે ભારતની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ચેઝ માસ્ટર કોહલી આ મેચની શરૂઆતથી જ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન, તેણે કેપ્ટન શુભમન ગિલ સાથે બીજી વિકેટ માટે ૧૧૮ રનની ભાગીદારી કરી અને શ્રેયસ ઐયર સાથે ત્રીજી વિકેટ માટે ૭૭ રન ઉમેર્યા. વિરાટ કોહલીને તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો.

આ વિરાટ કોહલીનો તેની વનડે કારકિર્દીમાં ૪૫મો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ હતો અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેનો ૭૧મો હતો. આ પછી, વિરાટ હવે સચિનના બીજા વિશ્વ રેકોર્ડ પર નજર રાખે છે. તેણે હવે તે રેકોર્ડ તરફ આગળ વધવાનું શરૂ કર્યું છે. આ રેકોર્ડ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ વખત પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીતવાનો છે. આ રેકોર્ડ હાલમાં સચિન તેંડુલકરના નામે છે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૭૬ વખત પીઓટીએમ એવોર્ડ જીત્યો છે. હવે, વિરાટ સચિનનો રેકોર્ડ તોડવાથી માત્ર પાંચ પગલાં દૂર છે.

કોહલી અત્યાર સુધીમાં વનડેમાં ૪૫ વખત, ટી૨૦માં ૧૬ વખત અને ટેસ્ટમાં ૧૦ વખત પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતી ચૂક્યો છે. સચિન તેંડુલકર અને વિરાટ કોહલી વચ્ચેનું અંતર ઘણું ઓછું થઈ ગયું છે. માસ્ટર બ્લાસ્ટરે વનડેમાં ૬૨ વખત અને ટેસ્ટમાં ૧૪ વખત આ સિદ્ધિ હાંસલ કરી હતી. સચિન તેંડુલકર અને વિરાટ કોહલી વચ્ચેનું અંતર હવે ફક્ત પાંચ પગલાંનું છે. જો વિરાટ વધુ પાંચ વખત પીઓટીએમ એવોર્ડ જીતવામાં સફળ રહે છે, તો તે સચિનની બરાબરી કરશે અને સંયુક્ત રીતે નંબર વન બનશે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ મેળવનારા ખેલાડીઓ: ૭૬ - સચિન તેંડુલકર, ૭૧ - વિરાટ કોહલી, ૫૮ - સનથ જયસૂર્યા, ૫૭ - જેક્સ કાલિસ, ૫૦ - કુમાર સંગાકારા

ફક્ત વનડે ક્રિકેટની વાત કરીએ તો, આ ફોર્મેટમાં સૌથી વધુ પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીતવાના સંદર્ભમાં વિરાટ કોહલી ત્રીજા ક્રમે છે. ૫૦ ઓવરના ફોર્મેટમાં કોહલીનો આ ૪૫મો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ હતો. આ યાદીમાં શ્રીલંકાના ભૂતપૂર્વ વિસ્ફોટક બેટ્સમેન સનથ જયસૂર્યા અને સચિન તેંડુલકર તેમના પછી આવે છે. સચિન તેંડુલકરે વનડેમાં ૬૨ વખત આ એવોર્ડ જીત્યો હતો, જ્યારે જયસૂર્યાએ ૪૮ વખત આ એવોર્ડ જીત્યો હતો.

# રોહિત શર્મા વનડે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ છગ્ગા મારનાર ઓપનર બન્યો



મુંબઈ,


રોહિત શર્મા સિક્સર: રોહિત શર્મા વિસ્ફોટક બેટિંગનો માસ્ટર છે અને માત્ર થોડા બોલમાં મેચનો માર્ગ બદલવાની ક્ષમતા ધરાવે છે. ન્યુઝીલેન્ડ સામેની પહેલી વનડેમાં, તેણે મજબૂત શરૂઆત કરી, પરંતુ બાદમાં તેની ઈનિંગ લંબાવવામાં નિષ્ફળ ગયો અને પેવેલિયન પાછો ફર્યો. તેમ છતાં, તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક મહત્વપૂર્ણ રેકોર્ડ બનાવ્યો છે.

ભારતીય ટીમ માટે રોહિત શર્માએ પ્રથમ વનડેમાં ૨૬ રનની ઈનિંગ રમી, જેમાં બે છગ્ગા અને ત્રણ ચોગ્ગા ફટકાર્યા. કાયલ જેમિસનના બોલ પર મોટો સ્ટ્રોક મારવાનો પ્રયાસ કરતી વખતે, તે કિવી કેપ્ટન માઈકલ બ્રેસવેલના હાથે કેચ આઉટ થયો. મેચમાં બે છગ્ગા ફટકારીને, રોહિતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૬૫૦ છગ્ગા ફટકાર્યા, અને આ સિદ્ધિ હાંસલ કરનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો. તેની પહેલા કોઈએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ સિદ્ધિ હાંસલ કરી ન હતી.

આ ઉપરાંત, રોહિત શર્મા વનડે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ છગ્ગા મારનાર ઓપનર બન્યો છે, જેણે ક્રિસ ગેઈલનો રેકોર્ડ તોડ્યો છે. રોહિત હવે વનડે ક્રિકેટમાં ઓપનર તરીકે ૩૨૯ છગ્ગા ફટકારી ચૂક્યો છે, જ્યારે ગેઈલે વનડે ક્રિકેટમાં ઓપનર તરીકે ૩૨૮ છગ્ગા ફટકાર્યા હતા.

# બાંગ્લાદેશની મેચો શ્રીલંકામાં સ્થાનાંતરિત થાય તેવી શક્યતા ખૂબ જ ઓછી





નવીદિલ્હી,

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ થોડા દિવસો દૂર છે. આ ટુર્નામેન્ટ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે, પરંતુ હજુ પણ સ્પષ્ટ નથી કે બાંગ્લાદેશ ટીમ તેની મેચ રમવા માટે ભારત જશે કે નહીં. સુરક્ષા ચિંતાઓને કારણે બાંગ્લાદેશ ક્રિકેટ ટીમે આગામી ટી ૨૦ વર્લ્ડ કપ દરમિયાન ભારતમાં તેની મેચ રમવાનો ઈનકાર કર્યો હતો. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આઈસીસીને પત્ર લખીને વિનંતી કરી છે કે તેની મેચો શ્રીલંકામાં સ્થાનાંતરિત કરવામાં આવે.અહેવાલો સૂચવે છે કે બાંગ્લાદેશની મેચો શ્રીલંકામાં સ્થાનાંતરિત થાય તેવી શક્યતા ખૂબ જ ઓછી છે.બીસીસીઆઈ અને આઈસીસી સંયુક્ત રીતે ભારતમાં વૈકલ્પિક સ્થળોની શોધ કરી રહ્યા છે. અહેવાલ મુજબ, આઈસીસી અને બીસીસીઆઈએ તમિલનાડુ ક્રિકેટ એસોસિએશન અને કેરળ ક્રિકેટ એસોસિએશન સાથે વાત કરી છે અને બાંગ્લાદેશની મેચો ચેન્નાઈ અને તિરુવનંતપુરમમાં સ્થાનાંતરિત કરવાના વિકલ્પ પર વિચાર કરી રહ્યા છે. તેથી, બાંગ્લાદેશની મેચો આ બે શહેરોમાં રમાય તેવી શક્યતા ખૂબ જ છે.અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આઈસીસી અધિકારીઓએ ટીએનસીએ અને કેસીએના અધિકારીઓ સાથે આ મુદ્દા પર ચર્ચા કરી છે. એવું માનવામાં આવે છે કે તેઓએ મેચોનું આયોજન કરવાની તૈયારી દર્શાવી છે. ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં કેટલીક મેચો પહેલાથી જ સુનિશ્ચિત છે, જેમાં કુલ સાત મેચો સુનિશ્ચિત છે, જેમાં સંભવિત ભારત-ઓસ્ટ્રેલિયા સુપર ૮ મેચનો સમાવેશ થાય છે.ટીએનસીએના અધિકારીઓએ આઈસીસી અને બીસીસીઆઈને જાણ કરી હોવાનું માનવામાં આવે છે કે તેમને કોઈ સમસ્યા નહીં થાય કારણ કે તેમની પાસે આઠ પીચ છે.બાંગ્લાદેશ ૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપ માટે ગ્રુપ ઝ માં સ્થાન ધરાવે છે, અને શેડ્યૂલ મુજબ, તેમની પહેલી મેચ વેસ્ટ ઈન્ડિઝ સામે ૭ ફેબ્રુઆરીએ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે યોજાવાની છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા પાકિસ્તાનનું પ્રદર્શન ખરાબ, રેક્રિંગમાં નંબર ૮ ટીમે કચડી નાખ્યું



દામ્બુલા,

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે. આ મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ પહેલા, શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી રમાઈ હતી. આ શ્રેણીની ત્રીજી મેચ ૧૧ જાન્યુઆરીએ રમાઈ હતી. વરસાદને કારણે, મેચ ઘટાડીને ૧૨ ઓવર કરવામાં આવી હતી, જેમાં શ્રીલંકાએ ડીએલએસ નિયમ હેઠળ ૧૪ રનથી જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ ૧૨ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૬૦ રન બનાવ્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાન ફક્ત ૧૪૬ રન જ બનાવી શક્યું હતું.પાકિસ્તાને આ શ્રેણીની પહેલી મેચ જીતી હતી, જ્યારે બીજી મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. શ્રીલંકા ત્રીજી મેચ જીતીને શ્રેણી ૧-૧થી બરાબર કરી હતી. શ્રીલંકા હાલમાં આઈસીસી ટી ૨૦ રેક્રિંગમાં આઠમા ક્રમે છે અને ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા પાકિસ્તાનને ખરાબ રીતે હરાવ્યું છે. પાકિસ્તાન હાલમાં આઈસીસી ટી ૨૦ રેક્રિંગમાં સાતમા ક્રમે છે.આ મેચમાં પાકિસ્તાને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પહેલા બેટિંગ કરતા શ્રીલંકાએ ૬ વિકેટ ગુમાવીને ૧૬૦ રન બનાવ્યા. પથુમ નિસાક્રા ૨ બોલ પછી બીજી વિકેટ માટે આઉટ થયા. ત્યારબાદ કામિલ મિસારાએ ૮ બોલમાં ૨૦ રન બનાવ્યા, જ્યારે વિકેટકીપર-બેટ્સમેન કુસલ મેન્ડિસે ૧૬ બોલમાં ૩૦ રન અને ધનંજય ડી સિલ્વાએ ૧૫ બોલમાં ૨૨ રન બનાવ્યા. ચારિત્ર અસલંકાએ ૧૩ બોલમાં ૨૧ રન બનાવ્યા. દાસુન શનાકાએ અંતે ૯ બોલમાં ૩૪ રન બનાવ્યા, અને જાનિથ લિયાનાગેએ ૮ બોલમાં ૨૨ રન બનાવ્યા. પાકિસ્તાન તરફથી મોહમ્મદ વસીમ જુનિયરે સૌથી વધુ ૩ વિકેટ લીધી.પાકિસ્તાનની શરૂઆત સારી રહી ન હતી. ઓપનર સાહિબજાદા ફરહાન ૭ બોલમાં ૯ રન અને સૈમ અયુબ ૫ બોલમાં ૬ રન બનાવીને આઉટ થયા. તેમના આઉટ થયા પછી, સલમાન અલી આઘાએ ૧૨ બોલમાં ૪૫ રન બનાવ્યા. મોહમ્મદ નવાઝે પણ ૧૫ બોલમાં ૨૮ રન બનાવ્યા.

# નુપુર સેનન અને સ્ટેબીન બેને તેમના પરિવાર સાથે કવ્વાલી રાત્રિનો આનંદ માણ્યો



મુંબઈ,

તેમના સુંદર ખ્રિસ્તી લગ્ન પછી, નુપુર સેનન અને સ્ટેબિન બેનનો તેમના કવ્વાલી રાત્રિનો એક સુંદર વિડિઓ સામે આવ્યો છે, જેમાં તેઓ સાગર ભાટિયાના ગીતો પર નાચતા જોવા મળે છે. કૃતિ પણ તેમના સૂરો પર નાચતી જોવા મળે છે. પરિવારના નજીકના સભ્યો અને મિત્રો વરુણ શર્મા, દિશા પટણી, મૌની રોય, અમર કૌશિક અને દિનેશ વિજાન ખાસ ઉજવણીમાં હાજર રહ્યા હતા. દરમિયાન, ગાયક સાગર ભાટિયાની કવ્વાલી રાત્રિના ઘણા વિડિઓઝ હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

નૂપુર સેનન અને સ્ટેબિન બેનના લગ્નના ફોટા અને વીડિયોથી ઈન્ટરનેટ પર ધૂમ મચી ગઈ છે. આ દંપતીએ ૧૦ જાન્યુઆરીએ ખ્રિસ્તી વિધિથી લગ્ન કર્યા હતા. રસપ્રદ અને શાનદાર સેટઅપ વચ્ચે, ગાયક સાગર ભાટિયાએ પોતાના મધુર અવાજથી સાંજને રોશન કરી, પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા. નુપુરે ચમકતો સોનેરી લહેંગા પહેર્યો હતો, જ્યારે સ્ટેબિન બેને કાળા રંગનો પરંપરાગત કુર્તા સેટ પહેર્યો હતો. ગાયકોએ તેમના શક્તિશાળી અવાજો અને ઉર્જાવાન વાઈબ્સ સાથે સાંજને જીવંત બનાવી દીધી.

# પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં શો ચોરી લીધો, બધાની નજર દેસી ગર્લ પર હતી

મુંબઈ,

પ્રિયંકા ચોપરા, જે તેના પતિ નિક જોનાસ સાથે ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સના રેડ કાર્પેટ પર સ્ટાઈલિશ રીતે દેખાઈ હતી, તેણે ચાહકોને તેની આગામી ફિલ્મ "ધ બ્લફ" ની ઝલક પણ આપી. એસોસિએટેડ પ્રેસ સાથેના પોતાના તાજેતરના પ્રોજેક્ટ વિશેના ઈન્ટરવ્યુમાં, દેસી ગર્લે માત્ર તેની આગામી ફિલ્મની રિલીઝ તારીખની પુષ્ટિ કરી નહીં, પરંતુ ફિલ્મની વાર્તા અને અન્ય વિગતો પણ જાહેર કરી. જોકે, ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં રેડ કાર્પેટ પર ચાલતી વખતે બધાની નજર પ્રિયંકા ચોપરા અને તેના પતિ નિક જોનાસ પર હતી.

પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે ફોટોગ્રાફરો માટે એકસાથે પોઝ આપતા હોલીવુડ-શૈલીના ગ્લેમરનો આનંદ માણ્યો અને રેડ કાર્પેટ પર ચાલતી વખતે એકબીજા પર પ્રેમ વરસાવ્યો. આ કપલના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા. પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે તેમના રેડ કાર્પેટ લુક્સથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા. અભિનેત્રીએ અમૂલ્ય ડાયમંડ નેકપીસ સાથે નેવી ટાયર્ડ ડાયોર ગાઉન પહેર્યો હતો, જ્યારે નિક જોનાસે ક્લાસિક બ્લેક સૂટ પહેર્યો હતો.પ્રિયંકા પ્રેઝન્ટર તરીકે ઈવેન્ટમાં હાજરી આપી હતી. સમારંભ પહેલા, ગોલ્ડન ગ્લોબ્સ આયોજકોએ તેમના સત્તાવાર પેજ પર પ્રેઝન્ટર્સની યાદી જાહેર કરી. બોલીવુડની દેશી ગર્લ પ્રિયંકા ચોપરા એ સેલિબ્રિટીઓમાં સામેલ છે જેમણે જુલિયા રોબર્ટ્સ, જ્યોર્જ ક્લુની, માઈલી સાયરસ, ઓર્લાન્ડો બ્લૂમ, પામેલા એન્ડરસન, મેકોલે કલ્કિન, મેલિસા મેકકાર્થી, સ્નૂપ ડોગ અને ક્વીન લતીફા સાથે કામ કર્યું છે.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ણે | લ | તુ | તુ | ધ | દુ | ત | સા | ર | લ | ઉ | ભ |
| ધ | ત્રિ | કો | ણ | પ્ર | નિ | દ | ક | બ | ક | ક્ષ | ણ |
| લા | ચી | સા | અ | દા | યા | બ | ર | લ | વિ | બ | ધ |
| દ | ન | સ | ન | વિ | હિ | મો | મ | ઐ | ભો | બ | ફ |
| શિ | ન | ધ | ર | શિ | મા | જ | ણ | ક | ર | ગ | કા |
| મા | ક | ક | કે | હિ | બં | ણે | ક્ષ | સ | વિ | લી | હા |
| ધ | ધ | કા | સ | દ | ઔ | સ | ર | ક | કા | દુ | લ |
| ણા | ભો | ગ | રી | બં | નિ | ળ | દ | ભો | વિ | ણ | કુ |
| દ | વા | દા | વિ | આ | લી | વે | ત | ધા | શિ | ક | પ્ર |
| ક્ષ | બ | ર | સા | મ | હા | ભો | દ | પ્રા | બા | ક | ત્રિ |
| ન | ણિ | દ | ધો | ર | ણ | ગ | કી | ન | ર | વે | મો |
| ધી | ર | જ | બો | સ | મા | ત | ર | ણ | ણી | ળ | બ |

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# મહાકાલની ભક્તિમાં ડૂબેલી શિલ્પા શેટ્ટી બહેન સાથે ઉજ્જૈનમાં દર્શન કરવા પહોંચી



મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી, તેની બહેન શમિતા શેટ્ટી સાથે, ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં ગઈ હતી, જ્યાં તેઓએ મહાકાલેશ્વર જ્યોતિર્લિંગની પવિત્ર આરતીમાં ભાગ લીધો હતો. બંને બહેનો શનિવારે મોડી સાંજે પહોંચી હતી અને પરંપરા મુજબ, પ્રાર્થના કરી અને આશીર્વાદ મેળવ્યા હતા. આરતી સમારોહ દરમિયાન તેઓએ ભગવાન મહાકાલના દર્શન પણ કર્યા હતા. શિલ્પા અને શમિતા ભક્તિમાં ડૂબી ગયા હતા કારણ કે તેઓએ ઊંડા શ્રદ્ધાથી આરતી જોઈ હતી. તેઓએ આ પ્રસંગ માટે પરંપરાગત પોશાક પહેર્યો હતો. પોતાના અનુભવ વિશે બોલતા, "ધડકન" સ્ટાર શિલ્પા શેટ્ટીએ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને મુલાકાતને ખાસ ગણાવી, કહ્યું કે તે ટૂંક સમયમાં પાછા ફરવાની આશા રાખે છે. તેણીએ કહ્યું, "લોકો અહીં પોતાની મેળે આવતા નથી, પરંતુ મહાકાલ પોતે અમને બોલાવે છે. એવું લાગે છે કે અમને આખરે અમારું આમંત્રણ મળ્યું છે. તે એક અનોખો અનુભવ હતો, અને તે પહેલી વાર હતું જ્યારે મેં શયન આરતીમાં ભાગ લીધો હતો. તે ખૂબ જ સારી રીતે આયોજન કરવામાં આવ્યું હતું. હું ફરીથી આવવા માંગુ છું."

ભગવાન શિવની સમર્પિત ભક્ત શમિતા શેટ્ટીએ સમાન લાગણીઓ વ્યક્ત કરતા કહ્યું કે આ મુલાકાતથી તેમને શાંતિ અને આધ્યાત્મિક સંતોષની લાગણી થઈ. તેણીએ કહ્યું, "આ મારો અહીં પહેલો સમય છે, અને જેમ શિલ્પાએ કહ્યું, મને આખરે મારું આમંત્રણ મળ્યું. અને હું અત્યારે ખૂબ જ શાંતિ અનુભવું છું. તે અમારા બંને માટે અને હાજર દરેક માટે સુંદર રીતે ગોઠવવામાં આવ્યું હતું." ઉજ્જૈનમાં શિપ્રા નદીના કિનારે આવેલું મહાકાલેશ્વર મંદિર, ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોમાંના એક તરીકે ખૂબ જ ધાર્મિક મહત્વ ધરાવે છે.

# મહુવાના ૪ સબ ડિવિઝનમાંથી ૩૬ લાખની વીજચોરી પકડાઈ

## ૩૮ ટીમોના ચેકિંગમાં ૬૦૧ વીજ કનેક્શનો પૈકી ૯૧ કનેક્શનોમાં ગેરરીતિ પકડાતા દંડાત્મક કાર્યવાહી

ભાવનગર,તા.૧૩

ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના મહુવા ડિવિઝનના ચાર સબ ડિવિઝનમાં પીજીવીસીએલની ૩૮ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાંથી કુલ ૯૧ વીજ કનેક્શનોમાં રૂ.૩૬.૫૨ લાખની વીજચોરી પકડાઈ હતી.

ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના મહુવા ડિવિઝનના મહુવા ગ્રામ્ય-૧ અને ૨, બગદાણા અને જેસર સબ ડિવિઝનમાં પીજીવીસીએલની ૩૮ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૯૭ રહેણાંકી અને ચાર વાણિજ્ય મળી કુલ ૬૦૧ વીજ કનેક્શન ચકાસવામાં આવ્યા હતા. જેમાંથી ૯૦ રહેણાંકી અને ૧ ખેતીવાડી મળી કુલ ૯૧ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૩૬.૫૨ લાખની વીજચોરી ઝડપાતા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

# બગદાણા હુમલા કેસમાં મુખ્ય આરોપીનું નામ FIRમાં નહિ આવે તો કોળી સમાજના ૧૬ લોકો આત્મવિલોપન કરશે!


## જીવલેણ હુમલાના મુખ્ય આરોપી જયરાજ પર કાર્યવાહી નહીં થાય તો ૧૫ તારીખે આગેવાનો બગદાણામાં આત્મવિલોપન કરશે તેવી પોસ્ટથી ચકચાર

ભાવનગર,તા ૧૩

ભાવનગર જિલ્લાના બગદાણામાં કોળી યુવાન નવનીત બાલધીયા ઉપર જીવલેણ હુમલાની ઘટનામાં તેને ન્યાયની માંગ સાથે કોળી સમાજના ૧૫થી વધુ આગેવાનો દ્વારા તા.૧૫મીએ બગદાણા ખાતે આત્મવિલોપનની ચીમકી આપવામાં આપવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. હુમલા કેસમાં મુખ્ય આરોપીનું નામ ફ્રૈંઈમાં દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે.

મહુવા તાલુકાના બગદાણા ગામના કોળી યુવાન નવનીત બાલધીયા ઉપર થોડા દિવસ પૂર્વે મોડી રાત્રીના અરસા દરમિયાન જીવલેણ હુમલાની ઘટનાથી ગુજરાતમાં ચકચાર મચી જવા પામી છે. આ મામલે ભાવનગરના કોળી સમાજના ગ્રુપમાં એક પોસ્ટ વાઈરલ થઈ છે, જેમાં બગદાણાના નવનીતભાઈને ન્યાય નહિ મળે તો આગામી તા.૧૫ના રોજ ૧૬ જેટલા કોળી સમાજના આગેવાનો, કાર્યકરો દ્વારા બગદાણા ખાતે આત્મવિલોપનની ચીમકી આપવામાં આવી છે.

જ્યારે આ અંગે અખિલ ભારતીય કોળી સમાજ સંગઠનના શહેરના મહામંત્રી મુકેશ મેટલીયા જણાવ્યું હતું કે, બગદાણાની અંદર કોળી સમાજના યુવા આગેવાન નવનીતને ઢોર મારવામાં આવ્યો છે. અને નવનીતભાઈ મુખ્ય આરોપી જયરાજ આહીર તેવું નામ પણ આપે છે. આ તમામ કાવતરું કરનાર જયરાજ છે તેમ નવનીતભાઈ કહે છે અને કોઈ જાતની એની ઉપર કોઈ તપાસ કે કોઈ કાર્યવાહી નથી થતી.અમારી



માંગ છે.કે અમે ૧૪ તારીખ સુધી રાહ જોવાના છીએ. તારીખ ૧૫ના બપોરે ૧૧ વાગ્યે બગદાણા ખાતે આત્મવિલોપન કરવા અમારી તૈયારી છે. કોળી આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે, SIT ટીમની તપાસ કરી રહી છે, એમની ઉપર અમને ભરોસો છે પણ ૧૪ તારીખ સુધીમાં કોઈ ન્યાય નહી આવે તો અમે આત્મવિલોપન કરીશું. જ્યાં સુધી અમારી માંગ પૂરી નહી થાય ત્યાં સુધી અમે આ લડત લડવાના છીએ. જે મુખ્ય આરોપી છે તેને છાવરવામાં આવે છે, એનું FIRમાં નામ આવે અને એની પૂછપરછ થાય તે અમારી મુખ્ય માંગણી છે આ પોસ્ટને લઈને ભારે ચકચાર મચી જવા પામી છે.

# સંસ્કૃતિ અને તત્વજ્ઞાનથી માહિતગાર કરવા યોજાયો જૈન દર્શન એક્સ્પો

## AI vs કેવળજ્ઞાન, નરકની વેદના, અનેકાંતવાદ, વિજ્ઞાન, રહસ્યો, તત્ત્વ અને જૈન સંસ્કૃતિ આધારિત વિષયો પર પ્રોજેક્ટ્સ રજૂ થયા

ભાવનગર,તા.૧૨

ભાવનગરના કાળુભા રોડ પર આવેલા ભક્તિબાગ ઉપાશ્રય ખાતે દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન સંઘ સમ્યગ જ્ઞાનશાળા દ્વારા જૈન દર્શન એક્સ્પો ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ લોકોને જૈન સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનથી માહિતગાર કરવાનો હતો.અક્ષયભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ એક્ઝિબિશનમાં જૈન ધર્મ સંબંધિત ૨૦થી વધુ મોડેલ



તસવીર : ધવલ વાજા

પ્રદર્શિત કરાયા હતા. તેમાં AI vs કેવળજ્ઞાન, નરકની વેદના, અનેકાંતવાદ, અને 'શું ચંદ્ર પર મનુષ્ય પહોંચ્યો છે?' જેવા વિજ્ઞાન, રહસ્યો, તત્ત્વ અને જૈન સંસ્કૃતિ આધારિત વિષયો પર પ્રોજેક્ટ્સનો સમાવેશ થતો હતો.

આ ઉપરાંત, ગેમ ઝોન, આર્ટ એન્ડ ક્રાફ્ટ, આત્મા સાથે પ્રાયશ્ચિત અને જંગલ થીમ આધારિત મોડેલ્સ દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું. સંઘ સંચાલિત ઉમેદગુરુ જૈન પાઠશાળાના આશરે ૧૦૦ જેટલા બાળકો અને શિક્ષકોએ મોડેલ્સ તૈયાર કરી તેની સમજણ આપી હતી. આ પ્રદર્શન નિહાળવા માટે બરવાળા, ગઢડા અને ધંધુકાથી પણ જૈન પાઠશાળાના બાળકો આવ્યા હતા. જૈન દર્શન એક્સ્પો ૨૦૨૬માં સમ્યગ જ્ઞાનશાળા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ તરફથી જયંતીભાઈ પટેલ, દિલીપભાઈ શેઠ, કિરીટભાઈ ડેલીવાળા સહિત જૈન સમાજ, વેપારી એસોસિએશન મંડળના સભ્યો અને રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી.આ પ્રોજેક્ટ એક્ઝિબિશનને સફળ બનાવવામાં સમીરભાઈ ગાંધી અને તેમની ટીમે સઘન પ્રયાસો કર્યા હતા.

# ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા ત્રણ ઝડપાયા

ભાવનગર,તા.૧૩

મકરસંક્રાંતિ સમયે પતંગ ચગાવવામાં જીવલેણ સાબિત થયેલ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ સામે પોલીસે પગલા ભરતા શહેરના માળીનો ટેકરો આંબાચોક ખાતે રહેતા સાહિલ યુનુસભાઈ નાળબંધને રૂ.૫૦૦ની કિંમતની ચાઈનીઝ દોરીના રીલ સાથે તથા ઘોઘા રહેતા સંજયભાઈ ભીખાભાઈ મેરને રૂ.૩૦૦ની કિંમતની ચાઈનીઝ દોરીના રીલ સાથે અને શહેરના તિલકનગર ચોક ખાતે રહેતા જયદીપભાઇ હરેશભાઈ કંટારીયાને રૂ.૪૦૦ની કિંમતની ચાઈનીઝ દોરીના રીલ સાથે પોલીસે ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અનુ.પાના ૧ નું શરૂ...

## ભાવનગરના નવા બંદર

માલસામાનના રિયલ-ટાઈમ ટ્રેકિંગ, ટ્રાફિક મેનેજમેન્ટ અને ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરી પરિવહન ક્ષમતામાં વધારો કરવામાં આવશે. આ પ્લાનના અમલીકરણથી ભાવનગરના મુખ્ય ઉદ્યોગો જેવા કે હીરા ઉદ્યોગ, શિપ બ્રેકિંગ યાર્ડ (અલંગ), પ્લાસ્ટિક અને MSME એકમોને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે 'લોજિસ્ટિક્સ કોસ્ટ'માં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે. વધુમાં, ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ અને ગ્રીન લોજિસ્ટિક્સના પ્રભાવથી શહેરમાં હવાનું પ્રદૂષણ ઘટશે, માલવાહક વાહનોની શહેરમાં પ્રવેશબંધી થવાથી ટ્રાફિક, અકસ્માતો અટકશે અને શહેરી નાગરિકોનું જીવનધોરણ સુધરશે. ભાવનગર મહાનગરપાલિકા આ પ્લાનને તબક્કાવાર રીતે અમલમાં મૂકવા અને શહેરને ગ્રીન અને સ્માર્ટ લોજિસ્ટિક્સ હબ તરીકે વિકસાવવા માટે તથા ભાવનગરને ગુજરાતના ઔદ્યોગિક નકશા પર એક નવું અને મજબૂત સ્થાન અપાવવામા મહત્વની ભુમીકા સાબિત થશે.

અનુ.પાના ૮ નું શરૂ...

## માંડવી ગામે વાડીમાં

દારૂનો જથ્થો રાખેલ છે અને વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી વાડીએ દરોડો પાડતા રાહુલ હાજર મળી આવેલ તેને સાથે રાખીને વાડીએ તલાસી લેતા શીંગના પાલાના ઢગલામાં સંતાડીને રાખેલી ઈંગ્લીશ દારૂની ૩૬ બોટલ અને બિયરના ટીન ૯ મળી કુલ રૂ. ૫૩,૭૮૦નો મુદ્દા માલ મળી આવતા રાહુલની ધરપકડ કરી મુદ્દામાલ જપ્ત કરેલ જયારે તેને જથ્થો પહોંચાડનાર મધુભાઈ હાથીભાઈ ગોવાળિયા રહે. રાયપર,તા/ગઢડા વાળા સહીત બંને સામે પ્રોહીબીશનની કલમ ૬૫-એ, ૬૫-ઈ, ૧૧૬-બી તથા ૮૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઘરકામ કામ કરવા આવતા

મેડિકલ એજન્સીનો વ્યવસાય હોય રોકાળમાંજ વ્યવહાર થતો હોય તેના તરફ ધ્યાન આપેલ નહિ પરંતુ છેલ્લા એક મહિનામાં ઘરમાંથી સોનાના દાગીના પણ ગાયબ થવા લાગેલ.અને છાયાબેન ઉપર શંકા જવા લાગેલ. દરમિયાન તેના દીકરાના બેડરૂમમાં રોકડા રૂપિયા ૫ હજાર મુખ્ય હતા તે ગાયબ થઇ ગયા તે રૂમમાં છાયાબેન સિવાય કોઈ ગયું ન હતું આથી ખાતરી થતા તેમની સામે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની કલમ ૩૦૬ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધારેલ છે. હાર્દિકભાઈએ ફરિયાદમાં નોંધાવ્યા મુજબ એક મહિનામાં ઘરમાંથી કટકે કટકે રોકડા રૂ. ૨.૬૦ લાખ તેમજ ૩૦ ગ્રામનો મીણાવાળો નેકલેસ કી.રૂ.૭૦,૦૦૦, ૨૮ ગ્રામનો જલેબી ડિઝાઈનનો ચેન કી.રૂ.૬૫,૦૦૦, ૧૭ ગ્રામનો ડિસ્કો ચેન કી.રૂ.૪૫,૦૦૦, ૧૪ ગ્રામનો રોડીયમ ચેન પેન્ડલ સાથેનો કી.રૂ. ૪૦,૦૦૦ મળી કુલ રૂ. ૪.૮૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ગયાનું જણાવેલ પોલીસે આ બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

# ગુજરાત રાજ્ય સહિતના ૪૨૦ સાયકલિસ્ટોએ કરી ગીરનાર પરિક્રમા

## ગીરનારની આસપાસની કુદરતી સુંદરતા, આધ્યાત્મિક વાતાવરણ અને આરોગ્યના મહત્વને ઉજાગર કરાઈ

ભાવનગર,તા.૧૩

ગીરનારની આસપાસની કુદરતી સુંદરતા, આધ્યાત્મિક વાતાવરણ અને આરોગ્યના મહત્વને ઉજાગર કરવા માટે આયોજિત રાજ્યકક્ષાની ગીરનાર પરિક્રમા સાયકલ યાત્રામાં ગુજરાત તેમજ રાજ્ય બહારથી કુલ ૪૨૦ સાયકલિસ્ટોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ યાત્રાનું આયોજન ગ્રીન રાઈડર્સ સાયકલિંગ ગ્રુપ, અમદાવાદ દ્વારા તેમજ ફિટ ઈન્ડિયા, ભાવનગર સાયકલ ક્લબ અને રાજયના ૧૧ સાયકલિંગ ક્લબોના સહકારથી કરવામાં આવ્યું હતું.




યાત્રા સવારના ૬:૩૦ વાગે સરદાર પટેલ દરવાજા, જુનાગઢ ખાતેથી શરૂ થઈ અને બપોરે ૧૨:૩૦ વાગે વિવેકાનંદ સ્કૂલ ખાતે પૂર્ણ થઈ હતી. કુલ ૭૩ કિલોમીટર લાંબી આ યાત્રામાં સાયકલિસ્ટોએ ગીરનારની આજુબાજુની કુદરતી સૌંદર્યમય પ્રકૃતિનો આનંદ લીધો. ભાવનગર સાયકલ ક્લબ તરફથી કુલ ૨૨ સાયકલિસ્ટોએ ભાગ લીધો હતો, જેમાં ૩ બહેનો પણ સામેલ હતી. તમામ સભ્યોએ સફળતાપૂર્વક ૭૩ કિમીની રાઈડ પૂર્ણ કરી હતી.

ગયા વર્ષે ભાવનગર ક્લબમાંથી માત્ર ૯ સભ્યો જોડાયા હતા, જ્યારે આ વર્ષે સભ્યોની સંખ્યા નોંધપાત્ર રીતે વધી છે.પરિક્રમા પૂર્ણ કરનાર તમામ ભાવનગરના સાયકલિસ્ટોને ભાવનગર સાયકલ ક્લબ દ્વારા મેડલ આપી સન્માનિત કરવામાં આવશે.

# યંગ ઈન્ડિયન્સ દ્વારા સેફટી ગાર્ડ લગાવાયા





પતંગ પર્વ ઉતરાયણ દરમ્યાન પતંગની દોરથી બનતી દુર્ઘટના અટકાવવા કે નીવારવા માટે યંગ ઈન્ડિયન્સ, ભાવનગર દ્વારા આજે શહેરના જુદા જુદા વિસ્તારમા ટુ વ્હીલર પર યુ બાર લાગાવવાની કાર્યવાહી ભાવનગર ટ્રાફીક પોલીસ બ્રાંચ તથા બલીંકીટના સહયોગમા હાથ ધરી હતી.તેમજ લોકોને અકસ્માતથી બચવા શુ તકેદારી રાખવી તે અંગે મિત્ર ભાવે માહિતી અને માર્ગદર્શન આપવામા આવેલ.

# હિમાચલપ્રદેશ અને સૌરાષ્ટ્રમાં અકસ્માતના મૃતકોને શ્રધ્ધાંજલિ અને સહાય અપાઈ

ભાવનગર,તા.૧૦

હિમાચલ પ્રદેશમાં એક બસ દુર્ઘટનામાં ૧૪ લોકોનાં મોત નિપજ્યા છે તેવા દુઃખદ સમાચાર પ્રાપ્ત થયા છે. વધુ વિગતો અનુસાર હિમાચલ પ્રદેશના સિરમૌર જીલ્લાના હરિપુરધાર વિસ્તારમાં એક ખાનગી બસ ખાઈમાં પડતાં ૧૪ લોકોનાં કરુણ મોત નિપજ્યા હતા. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૨,૧૧,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા પ્રધાનમંત્રી રાહત ફંડ માં પહોંચાડવામાં આવી છે. ઉપરાંત છેલ્લા કેટલાક દિવસો દરમિયાન તાલાલા પંથકમાં ત્રણ લોકોના અકસ્માતમાં મોત નિપજ્યા હતા અને જામનગરના લાલપુરમાં પણ ત્રણ લોકોનાં મોત થયા હતા તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૯૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. તમામ મૃતકોના નિર્વાણ માટે પૂજ્ય મોરારીબાપુએ પ્રાર્થના કરી છે.

## અવસાન નોંધ

### ગુર્જર સુતાર મરણ

જસપરા નિવાસી - લાલજીભાઈ વશરામભાઈ તલસાણીયા ઊંમર-વર્ષ ૧૦૧ તા,૧૨-૦૧-૨૦૨૬ને સોમવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે વિનુભાઈ તથા ભરતભાઈ તથા કૈલાસબેન નટવરલાલ ગલરાટ (મહુવા) વર્ષાબેન ચંદુલાલ ભારદિયા (અમદાવાદ)ના પિતાશ્રી થાય નાનુભાઈ વશરામભાઈ (કુંભણ)ના કાકા થાય તથા રમેશભાઈ અને જમનાદાસભાઈ કુંભણના દાદા થાય, સંદિપભાઈ તથા મુકેશભાઈ તથા ધીરેનભાઈ તથા કૃણાલભાઇના દાદા થાય. તેમનું બેસણુ તા.૧૫-૦૧-૨૦૨૬, ૫:૩૦ સુધી જસપરા મુકામે રાખેલ છે. તેઓની દશા-ત્રિદશા તા.૨૨-૦૧-૨૦૨૬ને ગુરૂવાર અને ઉત્તરક્રિયા તા.૨૩-૦૧-૨૦૨૬ને શુક્રવારના રોજ જસપરા મુકામે રાખેલ છે. હિરાભાઇ ભાણજીભાઇ( વરતેજ )ના કાકા થાય તેમજ ધીરૂભાઇ( કુંભણ )ના દાદા થાય.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૩૯/૨૦૨૫**
**જ.તા.૦૭/૧૦/૧૯૮૦**

**શ્રી હમીદાબેન ઉસ્માનભાઈ કાઝી,**
**રહે. બી-૧૭૫/એ, મદીના પાર્ક, બાવા રેહાન દરગાહ પાસે**
**ભરૂચ, ગુજરાત, મો-૯૪૦૯૪૨૧૬૭૮, ૬૩૫૧૭૯૬૬૧૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હમીદાબેન ઉસ્માનભાઈ કાઝીએ, તેમના પુત્રી રીઝવાના ઉસ્માનભાઈ શેખનો જન્મ તા.૦૭/૧૦/૧૯૮૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**(કે.બી.ચાંદલીયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને**
**સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૨૭/૨૦૨૫**
**જ.તા.૨૪/૧૦/૨૦૨૦**

**શ્રી સુઝેન સોહિલભાઈ મલેક,**
**રહે. બ્લોક નં.૬/એ, રૂમ નં.૩૦૫૬,વર્ધમાનનગર,**
**ભરતનગર, ભાવનગર, મો-૮૪૦૧૦૬૧૪૮૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સુઝેન સોહિલભાઈ મલેકએ, તેમના પુત્રી હુમેરા સુઝેન મલેકનો જન્મ તા.૨૪/૧૦/૨૦૨૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**(કે.બી.ચાંદલીયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને**
**સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૦૮/૨૦૨૫**
**જ.તા.૦૧/૦૬/૧૯૯૫**

**શ્રી મંગાભાઈ ઘુડાભાઈ મકવાણા,**
**રહે. મફતનગર, ગણેશનગર-૨ પાછળ,**
**બોરતળાવ, ભાવનગર, મો-૭૦૪૩૦૩૦૯૮૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મંગાભાઈ ઘુડાભાઈ મકવાણા, રહે. મફતનગર, ગણેશનગર-૨ પાછળ, બોરતળાવ, બોરતળાવ, ભાવનગર, મો-૭૦૪૩૦૩૦૯૮૦ તેમના પુત્રી માનુબેન મંગાભાઈ મકવાણાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**(કે.બી.ચાંદલીયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને**
**સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૧૬૬/૨૦૨૫**
**જ.તા.૨૬/૧૧/૨૦૧૭**

**શ્રી રવિભાઈ હમીરભાઈ સોલંકી,**
**રહે. ૧, સીધા હનુમાનની દેરી પાસે, મફતનગર,**
**બોરતળાવ, ભાવનગર, મો-૭૬૦૦૯૮૬૦૧૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રવિભાઈ હમીરભાઈ સોલંકી, રહે. ૧, સીધા હનુમાનની દેરી પાસે, મફતનગર, બોરતળાવ, ભાવનગર, મો-૭૬૦૦૯૮૬૦૧૫ તેમના પુત્ર રાજ રવિભાઈ સોલંકીનો જન્મ તા.૨૬/૧૧/૨૦૧૭ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**(કે.બી.ચાંદલીયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને**
**સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૧૬૭/૨૦૨૫**
**જ.તા.૨૪/૧૦/૨૦૧૬**

**શ્રી રવિભાઈ હમીરભાઈ સોલંકી,**
**રહે. ૧, સીધા હનુમાનની દેરી પાસે, મફતનગર,**
**બોરતળાવ, ભાવનગર, મો-૭૬૦૦૯૮૬૦૧૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રવિભાઈ હમીરભાઈ સોલંકી, રહે. ૧, સીધા હનુમાનની દેરી પાસે, મફતનગર, બોરતળાવ, ભાવનગર, મો-૭૬૦૦૯૮૬૦૧૫ તેમના પુત્રી ગોપી રવિભાઈ સોલંકીનો જન્મ તા.૨૪/૧૦/૨૦૧૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**(કે.બી.ચાંદલીયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને**
**સીટી મામલતદાર**
**ભાવનગર**

# ગળું દબાવી પતિની હત્યા કરનાર બોટાદની મહિલાને આજીવન કેદ

**પરિણીતાએ પોલીસને ગુમરાહ કરવા ખોટું નિવેદન નોંધાવ્યું હતું, બોટાદ ડીસ્ટ્રીકટ કોર્ટનો ચુકાદો**

બોટાદ,તા.૧૩

બોટાદ શહેરમાં છ વર્ષ પૂર્વે પતિનું ગળું દબાવી ઠંડા કલેજે હત્યા કરનાર પત્નીને બોટાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટે તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

છ વર્ષ પૂર્વે બોટાદમાં રહેતા કિશોરભાઈ રમેશભાઈ ચાવડા નામના યુવકની તેમના ઘરમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી હતી. જે બનાવ અંગે પોલીસે પ્રાથમિક પૂછતાછ કરતા મૃતકના પત્ની ભાનુબેનએ પોલીસને ગુમરાહ કરવા પતિ કિશોરભાઈએ ગળાફાંસો ખાધો હોવાનું નિવેદન આપ્યું હતું. પરંતુ પાપ છાપરે ચડીને પોકારે તેમ બોટાદની સોનાવાલા હોસ્પિટલમાં મૃતકનું પીએમ થતાં તેનું ગળું દબાવવાથી હત્યા થયાનો ડોક્ટરનો અભિપ્રાય આવ્યો હતો. જેના આધારે પોલીસે શકમંદ તરીકે મૃતકના પત્ની ભાનુબેન ચાવડાની આગવી ઢબે પૂછ પરછ કરતા તેણી ભાંગી પડી હતી અને પતિની હત્યા કર્યાની કબૂલાત આપી હતી.

પત્નીના નિવેદનના આધારે બોટાદ પોલીસે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.વર્ષ ૨૦૨૦ના ફેબ્રુઆરી માસમાં બનેલી આ ઘટનાનો કેસ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ-બોટાદમાં ચાલી જતા સુનવણી દરમિયાન ફરિયાદી પક્ષે ૧૨ સાક્ષી તપાસવામાં આવ્યા હતા. તેમજ ૩૩ દસ્તાવેજી પુરાવા અને જિલ્લા સરકારી વકીલ કે.એમ. મકવાણાની દલીલો, રજૂઆતોને ગ્રાહ્ય રાખી ન્યાયમૂર્તિ એમ.જે.પરાસરે મહિલા આરોપી ભાનુબેન ચાવડાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો.

# ઈસરોની 'સ્પેસ ઑન વ્હીલ્સ' મોબાઈલ પ્રદર્શન બસનું શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠમાં થયેલું આગમન

ભાવનગર,તા.૧૩

શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠમાં ISRO દ્વારા તૈયાર કરાયેલ ''સ્પેસ ઑન વ્હીલ્સ'', ગાંધીનગર ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સીટી, સેન્ટર ઓફ ટોય દ્વારા તૈયાર કરાયેલ ટોય ઈનોવેશન બસ તથા GEDA ની ઊર્જા સંરક્ષણ બસનું આગમન થયેલ. વિજ્ઞાન ગુર્જરી (વિજ્ઞાન ભારતીનું ગુજરાત યુનિટ) અને ISRO સાથે મળીને શરૂ કર્યું ''સ્પેસ ઑન વ્હીલ્સ''—અંતરિક્ષ વિજ્ઞાન જન-જન સુધી પહોંચાડતું અનોખું મોબાઈલ મ્યુઝિયમ ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) અને વિજ્ઞાન ગુર્જરી (વિજ્ઞાન ભારતીનું ગુજરાત યુનિટ) ના સહયોગથી ''સ્પેસ ઑન વ્હીલ્સ'' નામની નવીન પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ હેઠળ એક વિશેષ રીતે સજ્જ બસને ફરતું વિજ્ઞાન





મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે, જે ભારતની ગૌરવપૂર્ણ અંતરિક્ષ સિદ્ધિઓને જનતા સુધી પહોંચાડે છે.

''સ્પેસ ઑન વ્હીલ્સ'' મોબાઈલ પ્રદર્શન દ્વારા ચંદ્રયાન, મંગલયાન, ગગનયાન જેવા ISROના મહત્ત્વપૂર્ણ મિશનોના મોડેલ્સ, રેપ્લિકા, ઈન્ટરએક્ટિવ ડિસ્પ્લે અને શૈક્ષણિક માહિતી રજૂ કરવામાં આવે છે. ઉપરાંત, અંતરિક્ષ ટેકનોલોજીના રોજિંદા જીવનમાં થતા ઉપયોગો વિશે પણ સરળ અને રસપ્રદ રીતે માહિતી આપવામાં આવે છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ જગાવવાનો, અંતરિક્ષ ટેકનોલોજી સાથે તેમનો સંપર્ક વધારવાનો અને STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત) ક્ષેત્રોમાં કારકિર્દી માટે પ્રોત્સાહન આપવાનો છે. ખાસ કરીને દૂરદરાજ અને ગ્રામ્ય વિસ્તારોમાં, જ્યાં આવા શૈક્ષણિક સાધનો સરળતાથી ઉપલબ્ધ નથી, ત્યાં વિજ્ઞાનને સુલભ બનાવવાનો આ પ્રયાસ છે. આ મોબાઈલ પ્રદર્શન બસ તા. ૦૮/૦૧ થી તા. ૦૬/૦૨ દરમિયાન ગુજરાત રાજ્યની અલગ અલગ શાળાઓ અને કોલેજોમાં જઈને હજારો વિદ્યાર્થીઓ અને નાગરિકોને અંતરિક્ષ વિજ્ઞાનની દુનિયાની મુલાકાત કરાવશે. તેના અંતર્ગત આ મોબાઈલ પ્રદર્શન બસ ભાવનગર ખાતે તા. ૧૧થી તા. ૧૩/૦૧ સુધી આવેલ છે. yk ISR મોબાઈલ પ્રદર્શન બસ તા. ૧૨ના રોજ શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ, રામમંત્ર મંદિર પાસે, ભાવનગર ખાતે સવારના ૧૦થી સાંજે ૦૫ કલાક સુધી ઉપલબ્ધ રહી હતી જેમાં શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠના અને આસપાસની શાળાઓના કુલ ૩૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધેલ તેમજ આ પ્રોજેક્ટ અંતર્ગત QUIZ COMPETITION, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે.સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંસ્થાના સંચાલક મનહરભાઈ રાઠોડ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડેલ છે. આજે તા.૧૩ને મંગળવારે બપોરે ૩ વાગ્યે શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ, રામમંત્ર મંદિર ખાતે સમાપન કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવશે.

# ડિસેમ્બરમાં છૂટક ફુગાવો ૧.૩૩% વધીને ત્રણ મહિનાની ટોચે પહોંચ્યો

**સરકારે આરબીઆઈને ફુગાવાના લક્ષ્યને ૪ ટકા જાળવવાનો નિર્દેશ આપ્યો : શાકભાજી અને અનાજના ભાવ, આગામી મહિનાઓમાં ફુગાવાના માર્ગને નક્કી કરશે**

નવીદિલ્હી,તા.૧૨

ઘરગથ્થુ રસોડા પર ફુગાવાનો દબાણ ફરી એકવાર વધી રહ્યો હોય તેવું લાગે છે. શાકભાજી અને પ્રોટીનયુક્ત ખોરાકના ભાવમાં વધારાને કારણે ડિસેમ્બર ૨૦૨૫માં છૂટક ફુગાવો વધીને ૧.૩૩ ટકા થયો હતો. આ છેલ્લા ત્રણ મહિનામાં સૌથી વધુ સ્તર છે. અગાઉ, નવેમ્બરમાં ફુગાવો ઓછો હતો. જોકે, વર્તમાન સ્તરે, ફુગાવો હજુ પણ નિયંત્રણમાં હોવાનું માનવામાં આવે છે અને તે રિઝર્વ



બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિર્ધારિત મર્યાદામાં રહે છે. નિષ્ણાતો કહે છે કે ખાદ્યપદાર્થો, ખાસ કરીને શાકભાજી અને અનાજના ભાવ, આગામી મહિનાઓમાં ફુગાવાના માર્ગને નક્કી કરશે. સરકાર અને રિઝર્વ બેંક બંને ફુગાવા પર નજીકથી નજર રાખી રહ્યા છે.

જોકે, રાહતની વાત છે કે ગ્રાહક ભાવ સૂચકાંક પર આધારિત ખાદ્ય ફુગાવો સતત સાતમા મહિને શૂન્ય (-૨.૭૧%) ની નીચે રહ્યો છે. જોકે, નવેમ્બર (-૩.૯૧%) ની તુલનામાં તેમાં વધારો નોંધવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે ખાદ્ય ભાવ હવે ધીમે ધીમે વધી રહ્યા છે.

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલયના જણાવ્યા મુજબ, ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન મુખ્ય ફુગાવા અને ખાદ્ય ફુગાવામાં વધારો મુખ્યત્વે વ્યક્તિગત સંભાળ અને એસેસરીઝ, શાકભાજી, માંસ અને માછલી, ઈંડા, મસાલા, કઠોળ અને તેમના ઉત્પાદનોના ભાવમાં વધારાને કારણે થયો હતો. નોંધનીય છે કે સરકારે આરબીઆઈને ફુગાવાના લક્ષ્યને ૪ ટકા જાળવવાનો નિર્દેશ આપ્યો છે, બંને બાજુ ૨ ટકાના માર્જિન સાથે. છૂટક ફુગાવો સતત ચોથા મહિને ભારતીય રિઝર્વ બેંકની નીચી સહિષ્ણુતા મર્યાદા (૨%) થી નીચે રહ્યો છે.

# વિદ્યાધીશ ખાતે ૩૦૦૦ વિદ્યાર્થીઓએ નિહાળ્યું સ્વામી વિવેકાનંદજીના જીવન કવનનું પ્રદર્શન

**સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતીએ ત્રિવીધ કાર્યક્રમોનું થયું આયોજન**

ભાવનગર,તા,૧૩

સમગ્ર ભારતમાં ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ તકે વિદ્યાધીશ વિદ્યાસંકુલ ખાતે ત્રિવીધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું સ્વામીજીની ૧૬૪મી જન્મ જયંતીએ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી પરેશભાઈ ત્રિવેદી દ્વારા સ્વામીજીના જીવન કવન પર વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ સાથે સ્વામીજીના જીવન કવન પર " નરેન્દ્રસે સ્વામી વિવેકાનંદ તક" પોસ્ટર પ્રદર્શનનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની



શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે દીપ પ્રાગટ્ય અને પુષ્પાંજલિ દ્વારા કરવામાં આવ્યું અને ત્યારબાદ પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું સંસ્થાના ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો તેમ જ વાલીઓ અને શિક્ષકોએ પણ બહોળી સંખ્યામાં પ્રદર્શન નિહાળ્યું હતું.ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ૩૦ જાન્યુઆરી સુધી આ પ્રદર્શન જુદી જુદી શાળામાં યોજવામાં આવશે.

# અમાગી મીડિયા લેબ્સ લિમિટેડનો આઈપીઓ આજે ખુલશે

**અમાગી મીડિયા લેબ્સ લિમિટેડ નો ઈશ્યૂ આજથી ખૂલી રહ્યો છે. ઓફર ની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૩૪૩થી રૂ ૩૬૧ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૪૧ ઈકવિટી શેર અને ત્યારબાદ ૪૧ ઈકવિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. ઈશ્યૂ ૧૩ જાન્યુઆરી ના રોજ ખુલશે અને ૧૬ જાન્યુઆરીના રોજ બંધ થશે..**




# ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના સાથીની અમેરિકામાં ગોળી મારીને હત્યા

ઈન્ડિયાના,

સોમવારે મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુએસએ) ના ઈન્ડિયાના રાજ્યમાં ખતરનાક લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે ગેંગ વોર ચાલી રહી હોવાના અહેવાલ છે. ગેંગ વોરમાં, લોરેન્સ બિશ્નોઈ ગેંગનો એક સહયોગી માર્યો ગયો હતો, જ્યારે એક અન્ય ઘાયલ થયો હતો.

માર્યા ગયેલા ગેંગસ્ટરની ઓળખ વીરેન્દ્ર સાંભી તરીકે થઈ હતી, જે હરિયાણાનો રહેવાસી હતો.

હરીફ ગેંગે જવાબદારી સ્વીકારી છે

લોરેન્સ બિશ્નોઈ ગેંગ પર હુમલાની જવાબદારી હરીફ રોહિત ગોદારા ગેંગ દ્વારા લેવામાં આવી છે. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ હુમલો રોહિત ગોદારા ગેંગના બે ગેંગસ્ટર - બલજોત સિંહ અને જસ્સા દ્વારા કરવામાં આવ્યો હતો.

ફેસબુક પોસ્ટમાં, બલજોત સિંહે કહ્યું: "યુએસના ઈન્ડિયાનામાં વીરેન્દ્ર સાંભીની હત્યામાં બલજોત અને જસ્સા સામેલ છે... લોરેન્સ બિશ્નોઈ એક દેશદ્રોહી છે. હું તેને ચેતવણી આપવા માંગુ છું. રાહ જુઓ અને જુઓ, અમે સરપ્રાઈઝ આપીશું."

દરમિયાન, યુએસ અધિકારીઓએ હજુ સુધી સાંભીની હત્યા અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી.

રાજસ્થાનના બિકાનેરનો રહેવાસી રોહિત ગોદારા અગાઉ લોરેન્સ બિશ્નોઈનો નજીકનો સાથી અને બિશ્નોઈ-ગોલ્ડી બ્રાર ગુનાહિત નેટવર્કનો ભાગ હતો.

# પાકિસ્તાન એલઓસી પર નવા રક્ષણાત્મક માળખાં બનાવી રહ્યું છે અને માનવ ઢાલનો ઉપયોગ કરી રહ્યું છે

ઈસ્લામાબાદ,

ઓપરેશન સિંદૂરના મહિનાઓ પછી, પાકિસ્તાને નિયંત્રણ રેખા (LoC) અને આંતરરાષ્ટ્રીય સરહદ પર તેની ગંદી યુક્તિઓ વધુ તીવ્ર બનાવી છે કારણ કે તેણે સરહદની તેની બાજુમાં નવા રક્ષણાત્મક માળખા બનાવવાનું શરૂ કર્યું છે. આ સ્થાનોને વધારાના માનવબળ અને માનવ ઢાલના કથિત ઉપયોગથી મજબૂત બનાવવામાં આવી રહ્યા છે, એમ સૂત્રોએ ઉમેર્યું. પાકિસ્તાની સેનાએ ભારતીય ફોરવર્ડ પોસ્ટ્સ પર આક્રમક દેખરેખ શરૂ કરી હોવાના અહેવાલ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈનિકો ન્ઝ ની વિગતવાર જાસૂસી કરવા માટે ગણવેશધારી કર્મચારીઓ અને નાગરિકો બંનેનો ઉપયોગ કરી રહ્યા છે. આમાં ગુપ્ત દેખરેખ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જેનો હેતુ ભારતની રક્ષણાત્મક સ્થિતિઓનું મેપિંગ કરવાનો હોય તેવું લાગે છે.

ગુપ્તચર માહિતી સૂચવે છે કે પાકિસ્તાને તેના જીજીય કમાન્ડોને સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં તૈનાત કર્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, તેમની હાજરી પાકિસ્તાનની ફોરવર્ડ ડિપ્લોયમેન્ટ વ્યૂહરચનામાં સ્પષ્ટ વધારો દર્શાવે છે. સુરક્ષા અધિકારીઓ માને છે કે આ પગલું ન્ઝ પર ઉચ્ચ દબાણવાળા ક્ષેત્રોને સક્રિય રાખવાની પાકિસ્તાનની વ્યાપક યોજના સાથે જોડાયેલું છે.

ભારતીય સેનાએ કડક પ્રતિક્રિયા આપતા ડ્રોન જોવાનું ચાલુ રાખ્યું રવિવારે મોડી સાંજે સરહદની પાકિસ્તાની બાજુથી તાજી ડ્રોન પ્રવૃત્તિની જાણ કરવામાં આવી હતી. ભારતીય દળોએ ફોરવર્ડ વિસ્તારોની નજીક ઉડતા અનેક ડ્રોન શોધી કાઢ્યા. ભારતીય સેનાએ તાત્કાલિક પ્રતિક્રિયા આપી, ડ્રોનને પીછેહઠ કરવાની ફરજ પડી. જોકે ડ્રોન તેમના પક્ષમાં પાછા ફર્યા હતા, પરંતુ આવા પ્રયાસોની વધતી જતી સંખ્યાને કારણે આ ઘટનાને અત્યંત ગંભીરતાથી જોવામાં આવી રહી છે, એમ સૂત્રોએ ઉમેર્યું.

ભારતીય સેના પાસે એક મહત્વપૂર્ણ લીડ છે

સૂત્રોએ પુષ્ટિ આપી છે કે ભારતીય સેના પાસે પાકિસ્તાનની નવીનતમ રણનીતિઓ સંબંધિત મુખ્ય વિગતો છે, જોકે સ્પષ્ટતાઓ હજુ પણ વર્ગીકૃત કરવામાં આવી છે. અધિકારીઓ ભાર મૂકે છે કે બધી શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને ભારતીય હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરવાના કોઈપણ પ્રયાસનો નિર્ણાયક જવાબ આપવામાં આવશે. શુક્રવારે રાત્રે, સુરક્ષા દળોએ સાંબા જિલ્લાના આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ઘગવાલના પલૂરા ગામમાં પાકિસ્તાનમાં ઉદ્ભવેલા ડ્રોન દ્વારા છોડવામાં આવેલા કથિત હથિયારોનો જથ્થો જપ્ત કર્યો હતો. આ રિકવરીમાં બે પિસ્તોલ, ત્રણ મેગેઝિન, ૧૬ રાઉન્ડ અને એક ગ્રેનેડનો સમાવેશ થાય છે, એમ તેમણે ઉમેર્યું. ભારત-પાકિસ્તાન તણાવ ઊંચો રહે છે

પહલગામ આતંકવાદી હુમલા અને ત્યારબાદ ઓપરેશન સિંદૂર શરૂ થયા પછી ભારત અને પાકિસ્તાન સરહદ પર તણાવપૂર્ણ વાતાવરણ શેર કરે છે. ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા હુમલા, જેમાં ૨૬ નિર્દોષ નાગરિકોના જીવ ગયા હતા, તે તાજેતરના વર્ષોમાં ભારતના સૌથી મજબૂત બદલો અભિયાનોમાંનું એક હતું.

# અમેરિકામાં ઈરાન વિરોધી રેલીમાં ટ્રક ઘૂસી ગયો : લોકોને કચડી નાખ્યા

**ઈરાનના દેશનિકાલ કરાયેલા ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ રેઝા પહલવીના સમર્થકો ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોના સમર્થનમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા**

વોશિંગ્ટન,

ઈરાનમાં ચાલી રહેલા મોટા પાયે સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં ૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને સતત કાર્યવાહીની ચેતવણી આપી રહ્યા છે. દરમિયાન, યુએસએના લોસ એન્જલસથી મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. અહીં એક રેલી દરમિયાન એક ટ્રકે ઘણા લોકોને કચડી નાખ્યા. આ ઘટના ત્યારે બની જ્યારે ઈરાનના દેશનિકાલ કરાયેલા ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ રેઝા પહલવીના સમર્થકો ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોના સમર્થનમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા.

અહેવાલો અનુસાર, લોસ એન્જલસના વેસ્ટવુડ વિસ્તારમાં વિલ્શાયર ફેડરલ બિલ્ડીંગની બહાર લોકો એકઠા થયા હતા. રાજાશાહી વિરોધી સંગઠન એમઈકેના સ્ટીકરવાળી એક ટ્રકે વિરોધીઓને કચડી નાખ્યા અને ઝડપથી ભાગી ગઈ. હુમલામાં ઘણા વિરોધીઓ ઘાયલ થયા.

ટ્રકમાં ઈરાનના ઈતિહાસ સાથે સંબંધિત રાજકીય સંદેશ હતો, જેમાં ૧૯૫૩ના બળવા સહિતનો સમાવેશ થાય છે. ઘટનામાં સામેલ ટ્રકની બાજુમાં "કોઈ શાસન નહીં" લખ્યું હતું. ટ્રકમાં "૧૯૫૩ અમેરિકાનું પુનરાવર્તન ન કરો" સંદેશ પણ હતો. પોલીસે ઘટનાસ્થળે ટ્રક ડ્રાઈવરને અટકાયતમાં લીધો હતો.

# DRDO એ ગતિશીલ લક્ષ્ય સામે શ્રેષ્ઠ હુમલો ક્ષમતા સાથે પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલનું ફ્લાઈટ-પરીક્ષણ કર્યું

નવી દિલ્હી,

ડીઆરડીઓના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા મહારાષ્ટ્રના અહિલ્યા નગરમાં કેકે રેન્જમાં ગતિશીલ લક્ષ્ય સામે થર્ડ જનરેશન ફાયર એન્ડ ફોરગેટ મેન પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ (સ્ઁઽ્સ) નું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું.

સ્વદેશી રીતે વિકસિત, MPATGM માં અત્યાધુનિક સ્વદેશી તકનીકો જેમ કે ઈમેજિંગ ઈન્ફ્રારેડ (IIR) હોમિંગ સીકર, ઓલ ઈલેક્ટ્રિક કંટ્રોલ એક્ટ્યુએશન સિસ્ટમ, ફાયર કંટ્રોલ સિસ્ટમ, ટેન્ડમ વોરહેડ, પ્રોપલ્શન સિસ્ટમ અને હાઈ પર્ફોર્મન્સ સાઈટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે, જે ડીઆરડીઓની સિસ્ટર લેબોરેટરીઓ જેમ કે રિસર્ચ સેન્ટર ઈમરત, હૈદરાબાદ, ટર્મિનલ બેલિસ્ટિક્સ રિસર્ચ લેબોરેટરી, ચંદીગઢ, હાઈ એનર્જી મટિરિયલ્સ રિસર્ચ લેબોરેટરી, પુણે અને ઈન્સ્ટ્રુમેન્ટ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ, દેહરાદૂન દ્વારા વિકસાવવામાં આવી છે.

થર્મલ ટાર્ગેટ સિસ્ટમ ડિફેન્સ લેબોરેટરી, જોધપુર દ્વારા ટાર્ગેટ ટેન્કનું અનુકરણ કરવા માટે વિકસાવવામાં આવી હતી. IIR સીકર દિવસ અને રાતની લડાઈ કામગીરી ક્ષમતા સાથે સારી રીતે પરિપૂર્ણ છે. વોરહેડ આધુનિક મુખ્ય યુદ્ધ ટેન્કોને હરાવવા સક્ષમ છે. ભારત ડાયનેમિક્સ લિમિટેડ અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ આ હથિયાર પ્રણાલી માટે ડેવલપમેન્ટ-કમ-પ્રોડક્શન પાર્ટનર્સ (DcPP) છે. આ મિસાઈલને ટ્રાઈપોડ અથવા લશ્કરી વાહન લોન્ચરથી લોન્ચ કરી શકાય છે.

રાજનાથ સિંહે DRDO ની પ્રશંસા કરી, તેને આત્મનિર્ભર ભારત માટે મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે DRDO, DcPP ભાગીદારો અને ઉદ્યોગને સફળ પરીક્ષણ માટે અભિનંદન આપ્યા અને તેને આત્મનિર્ભર ભારત તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. ટીમને અભિનંદન આપતા, સંરક્ષણ વિભાગના R&D સચિવ અને DRDOના અધ્યક્ષ ડૉ. સમીર વી કામતે જણાવ્યું કે પરીક્ષણ લક્ષ્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું, જેના કારણે શસ્ત્ર પ્રણાલી ભારતીય સેનામાં સામેલ થઈ ગઈ.

# પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરહોસ્પિટલમાં દાખલ

નવી દિલ્હી,

ભારતના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરને સોમવારે નવી દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (AIIMS) માં દાખલ કરવામાં આવ્યા હતા, કારણ કે તેઓ સપ્તાહના અંતે બે વાર બેભાન થઈ ગયા હતા.

સમાચાર એજન્સી અનુસાર, ૭૪ વર્ષીય જગદીપ ધનખરને ૧૦ જાન્યુઆરીએ સ્વાસ્થ્ય સમસ્યાઓનો અનુભવ થયો હતો અને બાદમાં તેમને AIIMS માં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને વધુ તપાસ માટે દાખલ કરવાનો નિર્ણય લીધો હતો.

ધનખરે ગયા વર્ષે ૨૧ જુલાઈના રોજ સ્વાસ્થ્ય કારણો દર્શાવીને ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. રાજીનામું અચાનક હતું અને તે સમયે અટકળો શરૂ થઈ હતી. રાજીનામા બાદ, ધનખરે મર્યાદિત જાહેર હાજરી આપી હતી.

સ્વાસ્થ્ય અપડેટ શેર કરતા અધિકારીઓએ જણાવ્યું હતું કે ધનખડ શનિવારે જ્યારે વોશરૂમ ગયા ત્યારે તેમને "બે વાર બેભાન" થયા હતા. ત્યારબાદ તેમને તબીબી મૂલ્યાંકનની સલાહ આપવામાં આવી હતી.

મીડિયા સૂત્રો દ્વારા અહેવાલ મુજબ, "આજે, તેઓ તપાસ માટે AIIMS ગયા હતા જ્યારે ડોકટરોએ તેમને પરીક્ષણો માટે દાખલ કરવાનો આગ્રહ કર્યો હતો."

અધિકારીઓએ ઉમેર્યું કે, તબીબી મૂલ્યાંકનના ભાગ રૂપે ડોકટરો MRI કરે તેવી અપેક્ષા છે.

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા.૧૩-૦૧-૨૦૨૬, મંગળવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

રોબોટિક સર્જરી
ડૉ. કેવલ પરમાર
એમ.એસ. ઓર્થોપેડીક (ગોલ્ડ મેડાલીસ્ટ)
ટ્રોમા એન્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઘૂંટણ બદલવાનું ઓપરેશન
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

## ભાદેવાની શેરીમાં શોભતી કલાત્મક કમાનબાંધણી



ભાવસભર ભાવનગરમાં હજુ પણ અમુક જગ્યાઓએ ઐતિહાસિક ઈમારતો અકબંધ રીતે સચવાયેલી જોવા મળે છે. ભાદેવાની શેરીમાં આવી જ એક પૌરાણિક કમાનબાંધણી પ્રાચીન સમયની સ્થાપત્ય શૈલીની સાક્ષી પૂરે છે. ફરતે પથ્થર પરનું ઝીણવટભર્યું નકશીકામ, ઉપર મધ્યે ગણેશજીનું સ્થાપન, કમાન પર સુયોગ્ય, સપ્રમાણ ભાતની રચનાત્મક કોતરણી, આ બધાની પાછળ ધબકતો એક શેરીનો સંવાદ, વચ્ચે સ્વપ્રશીલ યુવાનના અડગ કદમ - આ બધું કેટલું રળિયામણું લાગે છે ! આ કમાનબાંધણી ઉપરાંત બાર્ટન લાઈબ્રેરી, નીલમબાગ પેલેસ, ભાવવિલાસ પેલેસ, દરબારગઢ, ગાંધીસ્મૃતિ, રાજસમાધિ, આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ગંગાદેરી આ ઐતિહાસિક સ્થાપત્યની ઈમારતો ભાવનગર શહેરના એક આધુનિક આયામ 'હેરિટેજ વોક' માટે પણ ફળદાયી નીવડે એમ છે. ( -જયદીપ એન. ઠાકર )

# કાલે ઉત્તરાયણ : પતંગ રસિકોને માફક પવન રહેશે

ભાવનગર, તા.૧૩

આવતીકાલે બાળકોથી લઈને યુવાનો અને વૃદ્ધોને પ્રિય એવા મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે ત્યારે જાણકારોના મતે પતંગ રસિકોને માફક આવે તેવો પવન રહેશે અને પતંગ ચગાવવા માટે વધુ મહેનત કરાવી નહિ પડે. સવારે પવનની ઝડપ ઓછી રહેશે ત્યારબાદ વધારો થશે તેવું મનાઈ રહ્યું છે.

હાલમાં છેલ્લા એકાદ અઠવાડિયાથી ભાવનગર શહેરમાં દિવસ દરમિયાન સરેરાશ ૮થી ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગના જણાવ્યા મુજબ આવતીકાલે પણ પવનની ઝડપ યથાવત રહેશે અને સવારે ૧૦ વાગ્યા પછી પવનની ઝડપ વધી શકે છે આથી પતંગ રસિકોને પતંગ ચગાવવા માટે વધુ મહેનત કરાવી નહિ પડે અને ઠુમકા માર્યા વિના તેનો પતંગ આકાશ તરફ ઉડવા લાગશે. જેથી લોકોનો આનંદ બેવડાશે. આવતીકાલે ઉજવનાર મકરસંક્રાંતિના તહેવારની પતંગ રસિયાઓ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી છે જયારે હજુ બજારમાં પતંગ અને દોરીની તેમજ ટોપી ,ચશ્માં, પમ્પુડા તથા ગેસના ફુગ્ગા સહિતની ધૂમ ખરીદી થઇ રહી છે. આ ઉપરાંત તલ, શીંગ, દાળિયા અને મમરાના લાડુ તથા ચીકી અને શેરડીનું પણ ધૂમ વેચાણ થઇ રહ્યું છે. અને લોકો પોતાની જરૂરિયાત પ્રમાણે ખરીદી કરી રહ્યા છે.


તસવીર : ધવલ વાજા

## કાલથી બે દિવસ વીજતંત્રની ૯૬ ટીમો ફેસ્ટીવલ ડયૂટીમાં તૈનાત રહેશે

ઉતરાયણના દિવસે સંભવિત વીજકોલ્ટના પ્રશ્નોને નિવારવા માટે પીજીવીસીએલ દ્વારા એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. જેમાં ઉતરાયણ અને વાસી ઉતરાયણના દિવસે જિલ્લાના ૩૨ ડિવિઝનોમાં કુલ ત્રણ શિફ્ટમાં એક-એક ટીમ મળી કુલ ૯૬ ટીમ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત વધારાનો સ્ટાફ પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવશે.

ઉતરાયણના દિવસે વીજ વાયરમાં દોરી ફસાવવાના કારણે ટ્રિપિંગ થવાથી વીજ ફોલ્ટ સર્જાવાના કિસ્સાઓ વધારે બને છે ત્યારે ઉતરાયણના દિવસે સંભવિત વીજફોલ્ટને નિવારવા માટે પીજીવીસીએલ દ્વારા ઉતરાયણના દિવસે તેમજ ઉતરાયણપૂર્વે અને વાસી ઉતરાયણના દિવસ માટેનો એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. આ દિવસ દરમિયાન ભાવનગર શહેરઅને જિલ્લાના મળી કુલ ૩૨ સબ ડિવિઝનોમાં ત્રણ શિફ્ટમાં એક-એક ટીમ મળી કુલ ૯૬ ટીમને ટીમને ફેસ્ટીવલ ડ્યૂટી ફાળવવામાં આવી છે. ત્રણ સભ્યોની બનેલી ટીમો ઉતરાયણના દિવસો દરમિયાન વીજકોલ્ટની ફરિયાદોનું નિરાકરણ લાવશે. આમ, પ્રત્યેક સબ ડિવિઝનમાં ૨૪ કલાક દરમિયાન કુલ ત્રણ ટીમ રહેશે. આ ઉપરાંત પણ વીજફોલ્ટની ફરિયાદોને પહોંચી વળવા માટે વધારાનો સ્ટાફ પણ આ ત્રણ દિવસ દરમિયાન તૈનાત કરવામાં આવ્યો છે. પીજીવીસીએલના અનુમાન પ્રમાણે ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારોમાં ઉતરાયણ પર્વમાં વીજફોલ્ટના પ્રશ્નો વધારે ઉદ્ભવે છે.

# દારૂ-બીયરના જથ્થા સાથે યુવાન, આધેડ અને વૃદ્ધ ઝડપાયા

**ગંગાજળિયા પોલીસે ભીલવાડા સર્કલ પાસેથી રૂ.૨૬ હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા**

ભાવનગર, તા.૧૩

ભાવનગર શહેરના ગંગાજળિયા પોલીસ મથકના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ભીલવાડા સર્કલ પાસે રેડ કરીને ઈંગ્લીશ દારૂ તથા બિયરના જથ્થા સાથે એક યુવાન, આધેડ અને વૃદ્ધની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર શહેરના ગંગા જાળીયા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે રૂવાપરીરોડ પહોંચતા ખાનગીરાહે બાતમી મળેલ કે ભીલવાડા સર્કલ પાસે રીક્ષા સ્ટેન્ડ નજીક ત્રણ શખ્સો ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને ઉભા છે તે બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને બાતમી વાળી જગ્યાએ પહોંચતા ત્રણ શખ્સો મળી આવેલ જેના નામ પુછતા એક કલ્પેશ ઉર્ફે કે.પી. પપ્પુભાઈ પ્રજાપતિ ઉ.વ. ૨૭ રહે. રાજનગર સોસાયટી, પ્લોટ ન. ૨૯, હનુમાનજીની ડેરી પાસે, ચિત્રા, તેમજ બીજો ધનજી ઉર્ફે ધનુ લાલજીભાઈ મકવાણા ઉ.વ.૫૪ રહે. આનંદનગર, સંતરોહિદાસ ચોક, હરિજનવાસ,ભાવનગર તથા ત્રીજા બકુલભાઈ હર્ષદભાઈ પંડ્યા ઉ.વ.૭૪ રહે. ડુંગરિયા હનુમાનજીની બાજુમાં, બ્લોક ન.૨૫- રૂમ ન.૨૯૮, દેરાસરપાસે, આનંદનગર ભાવનગર વાળા હોવાનું જણાવેલ.


તસવીર : ધવલ વાજા

ત્રણેય શખ્સો પાસે રહેલા થેલાની તલાશી લેતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની નાની-મોટી ૧૩૯ બોટલો તેમજ બિયારણ ૧૧ ટીન મળી કુલ રૂ. ૨૬,૨૦૦નો મુદ્દા માલ મળી આવતા જપ્ત કરાયેલ અને ત્રણેય શખ્સોની ધરપકડ કરી તેની સામે પ્રોહીબીશનની કલમ ૬૫-એ, ૬૫-ઈ, ૧૧૬-બી તથા ૮૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માંડવી ગામે વાડીમાં સંતાડેલ ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

**જથ્થો આપી જનાર રાયપરનો શખ્સ ફરાર, ૫૩,૭૮૦નો મુદ્દામાલ જપ્ત કરાયો**

ભાવનગર,તા.૧૩

ભાવનગર જિલ્લાના ગારિયાધાર પોલીસ કાફલાએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે માંડવી ગામે વાડીમાં દરોડો પાડતા શીંગના પાલામાં સંતાડીને રાખેલ ઈંગ્લીશ દારૂ અને બિયરના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો જયારે તેને દારૂનો જથ્થો પહોંચાડનાર રાયપરનો શખ્સ ફરાર થતા બંને સામે ગારિયાધાર પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગારિયાધાર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો અને જાળિયા ગામે આવતા ખાનગી રાહે બાતમી મળેલ કે રાહુલ ઉર્ફે લાલો ભુપતભાઇ મેર નામના માંડવીના શખ્સે તેની ઠોઠ વિસ્તારમાં આવેલી વાડીએ ઈંગ્લીશ

અનુસંધાન ૬

## મહુવાના બંધ મકાનમાંથી રૂ. ૧.૩૭ લાખની મત્તા ચોરી

મહુવાના ધાવડી ચોક લુહાર શેરીમાં રહેતા કાળુભાઈ રણછોડભાઈ બારૈયા ગત તા.૨૯-૧૦-૨૦૨૫ના પરિવાર સાથે દ્વારકા ગયા હતા અને તા.૩૧-૧૦-૨૦૨૫ના રાત્રિના ૮ કલાકના અરસમાં પરત મહુવા આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેમના બંધ રહેણાંકી મકાનમાં કોઈ અજાણ્યા ઈસમોએ પ્રવેશી ઘરના લાકડાના કબાટમાં રાખેલ સોનાની તુલસીની માળા, બુટીયા, પેડલ, લગડી, ચુક અને ચાંદીની લક્કી તથા બાજુના બીજા કબાટમાં રાખેલા રોકડા રૂ. ૨૦ હજાર મળી કુલ રૂ.૧.૩૭ લાખની મત્તાની ચોરી કરી ગયા હતા. બનાવ અંગે મહુવા પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઘરકામ કામ કરવા આવતા મહિલાએ ઘર 'સાફ' કરી નાખ્યુ : 4.80 લાખની ચોરી

**હિમાલીયા સ્કાય ફ્લેટના મકાનમાં એક મહિનામાં ૨.૬૦ લાખની રોકડ અને ૨.૨૦ લાખના દાગીનાની ચોરી**

ભાવનગર,તા.૧૩

શહેરના વિક્ટોરિયાપાર્ક સામે હિમાલીયા મોલ પાસે આવેલા હિમાલીયા સ્કાય ફ્લેટ બી-૭૦૩માં રહેતા અને મેડિકલ એજન્સીનો વ્યવસાય કરતા હાર્દિકભાઈ મહેશચંદ્ર



તસવીર : ધવલ વાજા

કારેલીયા ઉ.વ.૫૩ વાળાએ નિલમબાગ પોલીસ મથકમાં તેમના ઘરે કામ કરવા આવતા બહેન સામે રોકડ તથા દાગીના મળી રૂ.૪.૮૦ લાખના મુદ્દા માલની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શહેરના વિક્ટોરિયાપાર્ક સામે હિમાલીયા મોલ પાસે આવેલા હિમાલીયા સ્કાય ફ્લેટ બી-૭૦૩માં રહેતા અને મેડિકલ એજન્સીનો વ્યવસાય કરતા હાર્દિકભાઈ મહેશચંદ્ર કારેલીયા ઉ.વ.૫૩ વાળાએ નિલમબાગ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેમના પત્ની પ્રીતિબેનનું ઓપરેશન કરાવ્યું હોય ઘરકામ કરવા બે બહેનોને કામે રાખ્યા હતા જેમાં એક બહેનનું ત્રણેક મહિના પહેલા અકસ્માત થતા તેના બદલે છાયાબેન સોલંકીને ઘરકામ માટે રાખ્યા હતા જેને એક મહિનો થયો છે.

છાયાબેન ઘરે કામ કરવા આવતા થયા ત્યારથી ઘરમાં પૈસા ઓછા થતા હોવનની શંકા ગયેલ પરંતુ તેમનો

અનુસંધાન ૬

**રેન્જ આઇજી હાલ રજા પર હોય તેઓ હાજર થયા બાદ જ સતાવાર વિગતો જાહેર થવા સંભવ**

# બગદાણા હુમલા પ્રકરણ : આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં જેલહવાલે, SIT તપાસમાં શું ખુલ્યું તે અંગે પોલીસનું મૌન

ભાવનગરતા.૧૩

રાજ્યભરમાં બહુચર્ચિત બનેલા બગદાણામાં કોળી યુવાન પર થયેલા જીવલેણ હુમલાના આઠેય આરોપીઓના વધારાના રિમાન્ડ પૂર્ણ થતાં સોમવારે મહુવા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જયાં કોર્ટે આઠેય આરોપીઓને જેલહવાલે કરવા હુકમ કર્યો હતો. બીજી તરફ આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમના ગઠનને એક સપ્તાહ વિત્યું છતાં હજુ સુધી તપાસમાં શું પ્રગતિ થઇ તે અંગે કોઈ સત્તાવાર વિગતો જાહેર કરાઈ નથી. આ મામલે પોલીસનું મૌન થી રહસ્ય ઘેરાયું છે અને લોકોમાં અનેક સવાલ ઉઠ્યા છે. બહુ ચર્ચાસ્પદ અને ભારે વિવાદી બનેલા આ મામલામાં વિગતો આપવામાં એસઆઇટીએ મીડિયાથી અંતર જાળવ્યુ છે, રાજકારણ ગરમાયું છે ત્યારે કોઈ પણ નિવેદન આપતા પૂર્વે પોલીસે પણ વિચારવું પડે તેવી સ્થિતિ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.!

બગદાણાના કોળી સમાજના યુવક નવનીત બાલધિયા પર આઠ શખ્સોએ કરેલા હુમલાના ચકચારી બનાવ મામલે રાજકારણ ગરમાયેલું છે. કેસની બગદાણા અને મહુવા પીઆઈ બાદ કેસની તપાસ માટે રેન્જ આઈજી દ્વારા ગત સોમવારના રોજ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમનું ગઠન કરવામાં આવ્યું હતું. એસઆઈટી દ્વારા કેસની ઝીણવટ ભરી તપાસ કર્યા બાદ આ કેસના આઠેય આરોપીઓને મહુવા કોર્ટમાં રજૂ કરી વધારાના ૭ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જેના મહુવા કોર્ટે સોમવાર સાંજે ૪ વાગ્યા સુધીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જે રિમાન્ડ પૂર્ણ થતાં આરોપીઓને મહુવા કોર્ટમાં રજૂ કરતા કોર્ટે આઠેય આરોપીઓને જેલ હવાલે કરવા હુકમ કર્યો હતો. વધુમાં એસઆઈટી દ્વારા તત્કાલીન બગદાણા અને મહુવા પીઆઈને તેડુ મોકલ્યું હોવાની વિગતો સામે આવી છે. પરંતુ તેને સત્તાવાર સમર્થન મળ્યું નથી.એસઆઈટી રેન્જ આઈજી ગૌતમ પરમારની દેખરેખ તાલે તાપસ કરી રહી છે, આઈજી હાલ રજા પાર હોવાથી ૧૫મી સુધી જૂનાગઢ રેન્જ આઈજીને લુક આફ્ટર સોંપાયું છે. આઈજી પરમાર ફરજ પર હાજર થયે આ પ્રકરણમાં સત્તાવાર વિગતો સામે આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.!

**બહુ ચર્ચાસ્પદ અને ભારે વિવાદી મામલામાં વિગતો આપવામાં એસઆઈટીએ મીડિયાથી અંતર જાળવ્યું, રાજકારણ ગરમાયું છે ત્યારે કોઈ પણ નિવેદન આપતા પૂર્વે પોલીસે પણ વિચારવું પડે તેવી સ્થિતિ !!**

